॥ હરિ:ૐ ॥



પૂજ્ય શ્રીમોટા વિરચિત

# ભાવપુષ્પ

પૂજ્ય શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા
હરિ:ૐ
હરિ:ૐ આશ્રમ-સુરત

॥ હરિ:ૐ ॥

પૂજ્ય શ્રીમોટા
વિરચિત

# ભાવપુષ્પ

હરિ:ૐ આશ્રમ પ્રકાશન, સુરત


❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિ:ૐ આશ્રમ, (સ્થાપના વર્ષ ૧૯૫૬)
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org



❑ © હરિ:ૐ આશ્રમ, સુરત-નડિયાદ



❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| પ્રથમ | ૧૯૭૪ | ૧૨૫૦ |
| દ્વિતીય | ૧૯૯૩ | ૧૦૦૦ |
| ત્રીજી | ૨૦૦૫ | ૧૦૦૦ |

❑ **પૃષ્ઠ :** ૨૮ + ૭૬ = ૧૦૪

❑ કિંમત : **રૂ. ૧૦/-**

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯)૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઈનર : **મયૂર જાની,** મો. ૯૪૨૮૪૦૪૪૪૩

❑ **પ્રાપ્તિસ્થાન :**
હરિ:ૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિ:ૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ **મુદ્રક : સાહિત્ય મુદ્રણાલય**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૨૨, ફોન : (૦૭૯)૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

## સમર્પણાંજલિ

(ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા જે સંસ્થાના અધિષ્ઠાતા છે,
તેવા હરિઃૐ આશ્રમ, સુરતના
રસોડાની જરૂરિયાતની
ચીજવસ્તુઓનું ધ્યાન રાખી,
તે અંગેની મૂકપણે સેવાઓ પૂરી પાડનાર,
સ્વસ્તિક ઑઇલ કંપની, સુરતના સંચાલક

**શ્રી શ્રીવાસભાઈ ભૂખણરાય ઘીવાળાને**

શ્રીમોટા રચિત **'ભાવપુષ્પ'**ની
આ ત્રીજી આવૃત્તિ અર્પણ કરતાં
અમો આનંદની લાગણી અનુભવીએ છીએ.

તા. ૧૪-૧-૨૦૦૫ **ટ્રસ્ટીમંડળ,**
(મકરસંક્રાંતિ) હરિઃૐ આશ્રમ, સુરત



॥ હરિઃૐ ॥

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | હરિ સંગાથે સંસાર | ૧-૧૬ |
| ૨ | સંસારનો હેતુ | ૧૭-૩૪ |
| ૩ | ધન્ય જીવન | ૩૫-૫૧ |
| ૪ | હરિભક્તિ | ૫૨-૭૪ |


• • •

॥ હરિઃૐ ॥

## શ્રી હરમુખભાઈ જોગી (મુંબઈ)ને
## સપ્રેમ સમર્પણાંજલિ

**(પ્રથમ આવૃત્તિ)**

*(અનુષ્ટુપ)*

કેટલા કેટલા કામે તમે આવ્યા જગે મને !
કેટલું વ્હાલ રાખ્યું છે મારા જેવા પરે તમે ! ૧

તમે સંભાળ રાખી છે કેટલી વાર મારી જે !
મને આરામ દેવાને તત્પરતા તમારી છે. ૨

શાં કેટકેટલાં કામ તમોને સોંપતાં કશો
-સંકોચ ના થતો, એવા સજ્જન શા મળ્યા તમે ! ૩

આખા કુટુંબનો ભાવ કૃપાથી શો મળે મને !
ભાગ્યશાળી તમારા સૌ જેવાથી હું થયો જગે. ૪

એવા સ્નેહીજનોથી શો શોભીતો છું રૂડો જગે !
એવા બધા જનો વ્હાલા હરિની પુષ્પ-અંજલિ. ૫

મારો સ્વભાવ શો ઉગ્ર, છતાં આણ્યું ન દિલ છે,
શાંત સ્વભાવવાળા શા ! તમારું લખું હું શું જે ! ૬

આપને આપવા જેવું મારી કને નથી કશું,
હૈયાના હેતના ભાવે સમર્પણાંજલિ ધરું. ૭

હરિઃૐ આશ્રમ, નડિયાદ **-મોટા**
તા. ૧-૯-૧૯૭૪



॥ હરિઃૐ ॥

## લેખકના બે બોલ

**(પ્રથમ આવૃત્તિ)**

દક્ષિણ ભારતમાં મારો એક આશ્રમ છે. કાવેરી નદીને કાંઠે છે. સુંદર રમણીય, નૈસર્ગિક વાતાવરણ છે. ગામનું નામ છે કુંભકોણમ્.

કુંભકોણમ્ એ દક્ષિણનું કાશી છે. અને જેમ આપણા દેશમાં ઉત્તરપ્રદેશમાં ૧૨-૧૨ વર્ષે કુંભમેળો ભરાય છે એવો કુંભમેળો પણ એ કુંભકોણમ્માંય ભરાય છે. એટલે એ રીતે પ્રખ્યાત છે. ત્યાં કાવેરી નદીને કાંઠે સુંદર રમણીય વાતાવરણમાં એક આશ્રમ છે. જેમ આપણે અહીં સુરતમાં આશ્રમ છે તેવી રીતે જ, પણ બહુ રમણીય, બહુ સુંદર જગ્યા છે. પાસે જ કાવેરીમૈયા છે. આશ્રમનો આખો કિનારો ઈંટોથી ચણી લીધેલો છે. આશ્રમનો સ્વતંત્ર ઓવારો છે અને ઓવારાની પાસે એક નાનકડો પુલ બંધાવ્યો છે અને એના ઉપર બેસીને રોજ અમે ભોજન લઈએ છીએ. એટલું સુંદર નૈસર્ગિક દશ્ય છે કે જે જોતાં જ આપણું મન આહ્લાદ પામી જાય છે. દર વર્ષે ગુરુપૂર્ણિમા ઉપર તે ઠેકાણે જાઉં છું.

આ વખતે પણ અમે મુંબઈ ગયેલા. દર વર્ષે મુંબઈમાં ૮-૧૦ દિવસ રહેવું પડે. લોકો આમંત્રણ આપે, હરિદક્ષિણા આપે. તે પ્રમાણે એક ભાઈને ત્યાં ગયેલા. એમણે મારા ઘણા બધા ફોટા ત્યાં પાડ્યા અને એમણે ભીંત ઉપર લાકડાની પટ્ટીઓ કે ફ્રેમમાં ૧૨ ફોટા મૂક્યા, બહુ કલાત્મક, સુંદર રીતે. પછી કહે, ‘મોટા, મને દરેક ફોટાનું એક સૂત્ર લખી આપો.’ એટલે મેં એમને ૧૨ ફોટાનાં બાર સૂત્રો લખી આપ્યા. હરિસ્તવનનાં એમ કહોને. બધાંને બહુ ગમ્યાં.

એ પછી મને એમ વિચાર આવ્યો કે હું આ ભજનો તો લખું છું જ, અને ‘જીવનઘડતર’ નવું પુસ્તક પૂરું થયું અને ભગવાનની

કૃપાથી એને છપાવવાના પૈસા પણ મળ્યા, ત્યારે થયું કે આ ભજનો લખું છું તેના કરતાં આવાં મૌક્તિકો લખાય-સ્તવનનાં મૌક્તિકો-તો બહુ સારું. એ મને વિચાર સ્ફુર્યો અને પછી તરત જ અમે ગયા બેંગલોર.

જે પેલા ભાઈને ૧૨ મૌક્તિકો મેં લખી આપેલાં, તે એણે તો એના ફોટા પડાવ્યા પાછા, મારા હસ્તાક્ષરમાં જ. મેં કહ્યું, 'ભાઈ, તું ફોટા પડાવે તો બે નકલ કરાવજે અને મને પણ એક આપજે. જોકે તે હું તો કોકને વેચીશ અને મને બે પૈસા મળશે.' તો કહે, 'મોટા, તમારે તો જેમાં ને તેમાં પૈસાનો જ વેપાર.' મેં કહ્યું, 'ભાઈ, મારે તો પૈસા જ જોઈએને ! હું તો બે પૈસા મળે તોય લઉં આ કામને માટે, અને વેચુંયે ખરો.' પછી એણે મને ફોટોસ્ટેટ મૌક્તિકો આપ્યાં. તે મેં બેંગલોરમાં શ્રી રમણભાઈ અમીન સાહેબને વાંચવા આપ્યાં. શ્રી રમણભાઈ કહે, 'મોટા, આ તો બહુ સુંદર તમે લખ્યું.' એટલે પાછું મને મન થયું કે જે મને વિચાર આવ્યો હતો તે બરાબર છે.

ભગવાનની કૃપાથી આવાં ભાવ-મૌક્તિકો જો બેંગલોરમાં લખી શકાય તો બહુ સારું. જેથી, શ્રી રમણભાઈ સાહેબને વંચાવી શકાય. ત્યાં આગળ બેંગલોરમાં મેં થોડાંક લગભગ ૧૫-૨૦ જેટલાં સ્તોત્રો-મૌક્તિકો લખ્યાં. એમને વંચાવ્યાં. એમને બહુ ગમ્યાં. કહે, 'મોટા, તમે આ બહુ સારું લખો છો.' પછી ત્યાંથી તો અમે સીધા ગયા કોડાઈ કેનાલ.

કોડાઈ કેનાલની આબોહવા અને એનું સુંદર નૈસર્ગિક વાતાવરણ, એ બધું મને બહુ ગમ્યું. માત્ર મને ત્યાં શરીરમાં દમ વધારે ચઢતો. ત્યાં ઊંચાઈ વધારે ખરીને ! ૭૫૦૦ ફીટ ઊંચું, એટલે માત્ર મને દમ વધુ ચઢતો. બાકી, ત્યાં મને બહુ આનંદ આવ્યો. ત્યાં આ ૨૦૮ સ્તોત્રો પૂરાં કર્યાં. ૨૦૮ સ્તોત્રો મેં લખ્યાં ત્યાં આગળ, પછી એ સ્તોત્રો, મારે જે ભાઈને સંબોધીને લખેલાં તે ભાઈને રોજ એનો એક એક પોસ્ટકાર્ડ લખવાનો હોય. એટલે મેં તો બધા ગરબડિયા અક્ષરે અને સૂતાં સૂતાં લખેલું. એટલે અમારી



સાથે ભાઈ નંદુભાઈના સગા નાના ભાઈ શ્રી ચંદ્રકાંતભાઈ-એન. ગોપાળદાસ પેઢીના એક ભાગીદાર તે અમારી સાથે ત્યાં રહેતા હતા. એમણે પેલાં ૨૦૮ સ્તોત્રો જોઈને એનાં પોસ્ટકાર્ડ લખ્યાં. પછી મેં કહ્યું, 'ભાઈ, તમે આટલી મહેનત કરી તો બીજી થોડી વધારે મહેનત કરો. એની પ્રેસકોપી માટે તમે મને એ ૨૦૮ મૌક્તિકો લખી આપો.' તે પણ એ ભાઈએ બહુ પ્રેમથી લખી આપ્યાં, પણ એમની શરીરની સ્થિતિ ત્યારે બહુ સારી નહિ. જેને આપણે ગુજરાતીમાં ટચકિયું કહીએ છીએ એવું ભારે ટચકિયું એમને થયું હતું. અને ઉઠાય-બેસાય પણ નહિ. એક પ્રકારનો વા જ એને કહેવાય. ઇંદુભાઈ અમારી સાથે હતા, તે એમની સંભાળ લેતા. દવા ચોપડતા. શેકની કોથળી આપતા. આવી તબિયતે પણ એમણે બેઠાં બેઠાં ૨૦૮ નકલ પ્રેસકોપીની બહુ પ્રેમથી લખી આપી. આ જાણે મૌક્તિકનો ઇતિહાસ છે.

હવે, એ છપાવવાને માટે એક ભાઈએ પૈસા પણ મને આપવા કહ્યું છે અને પોતાનું નામ ના આપવાનું કહ્યું છે. અને ભાઈ રતિભાઈ મહેતાએ પ્રેસમાં બધું આપવા માટે એનું જે બધું વર્ગીકરણ કરવું જોઈએ તે બધું વર્ગીકરણ એમણે કર્યું છે. જોકે આમાં કંઈ વર્ગીકરણ કરવાનું ઝાઝું છે નહિ.

એક સ્તોત્ર મેં એમાં ખાસ સંસાર ઉપર લખ્યું છે કે 'ભાઈ, આ સંસાર મિથ્યા નથી. જે લોકો એને મિથ્યા કહે છે એ વાત ખોટી છે. એવું જે મિથ્યા બોલનારા છે તે કદી મિથ્યા સમજતા નથી અને સાચું જ માનીને બધો વ્યવહાર કરે છે. જો એ મિથ્યા જ માનતા હોય તો એમને જીવવાનો ક્ષણવાર પણ અધિકાર નથી, કારણ કે એ પત્નીને પત્ની જ ગણે છે, બીજું કંઈ ગણતા નથી. પૈસાને પૈસો જ ગણે છે, મિથ્યા ગણતા નથી. વ્યવહારને મિથ્યા ગણતા નથી. બોલવા ખાતર બોલે છે કે આ સંસાર મિથ્યા છે, ત્યારે એ તો ઊલટો દંભ કહેવાય. એટલે એના ઉપર-સંસાર ઉપર મેં ખાસ લખ્યું છે.'

આ પુષ્પ-મૌક્તિકો એવા પ્રકારનાં છે જે વાંચવાથી આપણને શ્રીહરિ ઉપર કંઈક ભાવ જાગે, પ્રેમ જાગે, વહાલ પણ જાગે. આપણા જીવનનું મુખ્ય કર્તવ્ય શું છે એનું પણ થોડું ઘણું યત્કિંચિત્ ભાન થાય. આ બધાં મૌક્તિકો લખવાની પાછળ મારો ઉદ્દેશ તો એટલો જ છે કે આપણે આ સંસારમાં જીવવાનું તો છે, એમાં તો કંઈ ફરક નથી, તો પછી જીવતાં જીવતાં આપણે થોડું ઘણું ભગવાનનું ભજન કરીએ, સ્મરણ કરીએ. ભજન કરતાં કરતાં પણ જે ગુણ અને ભાવ કેળવાય છે, તે ભગવાનની ભક્તિ કર્યા સિવાય નહિ કેળવાય.

મેં પોતે અનુભવથી જોયું છે કે એકલા ગુણ કેળવવા જતાં તો કેટલાયે જન્મો લેવા પડે, પણ જ્યારે ભક્તિ પાંગરે છે ત્યારે ગુણ એની મેળે આપણામાં પાંગરે છે અને ભક્તિની મર્દાનગી એ તો મહાપરાક્રમી યોદ્ધો હોય તેના કરતાંય ચઢી જાય છે. નેપોલિયન બહુ મોટો યોદ્ધો ગણાતો હતો, પણ કહેવાય છે કે એ બિલાડીથી બીતો હતો. એવા યુદ્ધક્ષેત્રના મહાન ખેલાડીઓ અથવા એવા જે મહાપરાક્રમી ખેલાડી કે સેનાપતિ હોય એમની જે મર્દાનગી છે તે સંપૂર્ણતાવાળી નથી. ભક્તની મર્દાનગી એ સંપૂર્ણ છે. એનું પરાક્રમ, એની ધીરજ, એનો ત્યાગ એવા અનંત ગુણો એનામાં સહજમેળે પાંગરે છે,-જ્યારે ભક્તિ ફૂટી નીકળે છે ત્યારે. ભક્તિ એ શૂરવીરની છે. એનો એના જીવનમાં એને પ્રત્યક્ષ પરિચય થાય છે. એની સાથે રહેનારા જે હોય તેને પણ કદાચ ખબર પડે કે ના પણ પડે કે આ માણસમાં ગુણ અને ભાવ બંને છે. હું તો મારો જ દાખલો આપું. આ જે કંઈ લખું છું તે માત્ર લખવા ખાતર નહિ પણ તદ્દન સોએ સો ટકા સાચી હકીકત છે. મારા આ શરીરને, વેદનાવાળાં કેટલાંયે દર્દો છે. બધાં ગણાવવાં નકામાં છે, પણ એટલી બધી વેદના હવે થયા કરે છે કે જે જીરવાય એવી નથી, અને કેટલીક વખત એવું ભયંકર Shooting pain-એટલે અતિશય તીવ્ર એવું, સોયો ભોંકાતી હોય એવું દર્દ ઊપડે છે. તે વખતે જીરવવું મહામુશ્કેલ થઈ પડે છે. દાક્તરને ત્યારે બોલાવું ખરો. અમદાવાદમાં એક



વખત હતો અને આ બધું ઊપડ્યું અને હુમલો થયો ત્યારે શ્રી ડૉક્ટર સાહેબ સુમંતભાઈને બોલાવેલા. લગભગ એક કલાક બેઠા, પ્રેમથી મેં કહ્યું, 'જાવ સાહેબ, બીજા કોઈ પેશન્ટ તમારા માટે રાહ જોતા હશે અને બિચારા દુઃખથી પીડાતા હશે.' તેમણે 'ના' કહી, અને કહ્યું કે 'મોટા, તમને થોડી રાહત થાય પછી જાઉં.' દવા તો કરી પણ કંઈ કશું ખાસ મટ્યું નહિ.

પણ એવી રીતે આ વખતે મને આ મુસાફરીમાં બે વખત હુમલા આવ્યા, ત્યારે ઇંદુભાઈ અને જયશ્રીબહેન બે જણ સાથે હતાં. એમને કહ્યું કે 'ભાઈ, હવે આ સહેવાતું નથી, તો તમે હું બોલું તે ભજન લખો.' અને એમણે ભજન લખ્યાં, ત્યારે ભજન ગાતાં ગાતાં મને કંઈક રાહત થઈ. એટલે આ શરીરની સ્થિતિ એવી ભયંકર અને દર્દવાળી છે કે હરિનું ભજન, હરિનો ભાવ એ જ મારે મોટામાં મોટી દવારૂપ થઈ પડેલાં છે. અત્યારે તો એવા શરીરને spondylitis-એટલે કરોડરજ્જુના મણકાનું દર્દ ત્રણ ઠેકાણે થયું છે. કમ્મરમાં, બરડામાં અને ગળામાં. ત્રણ ઠેકાણે આ દર્દ છે અને એ તો વધતું જ ચાલ્યું, કારણ મેં એના કોઈ ઉપાય ન કર્યા. એમાં દર્દનો કોઈ વાંક નથી. એટલે સતત એ દર્દ તો એકધારું ચાલ્યા જ કરે છે, પણ એની ગતિ જ્યારે તીવ્રતમ થાય છે, એ દર્દનો જ્યારે ભયંકર હુમલો થાય છે ત્યારે સહેવાવું લગભગ તદ્દન અશક્ય હોય છે. ત્યારે આ ભજન જ મને મદદકર્તા થઈ પડે છે. દેખીતી રીતે દવા લઉં છું ખરો, પણ આ ભજનનો આશરો ત્યારે મને ઘણો મોટો હોય છે, અને આજે પણ હું હંમેશાં ભજન જ કર્યા કરું છું, લખ્યા કરું છું. અત્યાર સુધી તો હું લખ્યા જ કરતો હતો પણ એમાં મારા જીવનમાં મેં જે સાધના કરેલી એ જીવન-Autobiography of my Sadahna-મારી સાધનાનો આત્મવૃત્તાંત-અને તેમાં જે જે રીતે વર્તવાનું બનેલું, જે જે સાધનો કરેલાં, જીવનમાં મારી કેવી કેવી મૂળ પ્રકૃતિ હતી, એનો સ્વભાવ કેવો હતો, આ બધું મેં લખેલું છે. અને

આ સ્તોત્રો પણ જુદી જાતનાં છે. આ મૌક્તિકો જે રીતે લખાયાં છે, તે હું જે રીતે જીવન જીવ્યો અને એમાંથી જે મને સાર લાગ્યો, અને જે મને સાચી રીતે સમજાયું કે हरि કેવો છે ? हरि કેવા ઉપયોગમાં આવે છે ? हरि માત્ર કોઈ કલ્પના નથી, માત્ર કોઈ ધારણા નથી, हरि માત્ર કોઈ ભાવના નથી પણ પ્રત્યક્ષ ए આપણને ખપમાં લાગે છે. તેવી રીતે हरि આપણને સકળ વહેવારમાં ખપમાં લાગે એવો એક નિરાકાર હોવા છતાં સાકાર રૂપે પોતે છે. આ હકીકત કોઈ કલ્પના નથી, પણ મારા જીવનમાં મેં પ્રત્યક્ષ અનુભવ્યું છે. અને બધાંને ખાતરીથી કહી શકું છું કે આવાં ભયંકર દર્દોની વચ્ચે જે જિવાય છે તે ભગવાનની કૃપા છે. મારા જેવો-તરણા જેવો-માણસ, મારી એવી કોઈ પ્રખ્યાતિ નથી કે મારી પાસે એવી ચમત્કારિક કોઈકને આંજી નાંખે એવી કોઈ શક્તિ નથી, કે છટાભર્યું ભાષણ કરી કોઈને મુગ્ધ કરી દઈ શકે એવી કોઈ વાક્છટા પણ મારામાં છે નહિ, તેમ છતાં, એવાના કેટલાંય વર્ષોથી લાખોનાં પરમાર્થ-કાર્યોના જે સંકલ્પો થાય છે, તે ભગવાનની કૃપાથી જ પૂરા થાય છે. બાકી, કોણ આપે એવાને ?

અને આ વખતે પણ મુંબઈમાં અને દક્ષિણમાં ગયો ત્યારે ભગવાનની કૃપાથી સારી રકમ મળી. એ જ પુરવાર કરે છે કે ભગવાન એના ભક્તને મદદ કર્યા જ કરતો હોય છે.

આ તો પરમાર્થના કાર્યની વાત થઈ, પણ મારા અંગત જીવનમાં પણ મને મદદ મળ્યા કરી છે. આ મારા ભયંકર રોગોની વેદનાની વચ્ચે જે જીવવાનું થાય છે તે ભગવાનની કૃપા છે અને આ વેદનાના કાળમાં જ મારાથી આ મૌક્તિકો લખાયાં તે ભગવાનની એક પરમ કૃપા છે.

આ સ્તવન મૌક્તિક છપાવવાને મને જે ભાઈ રૂ. ૫,૦૦૦ની રકમ આપવાના છે તે ભાઈ વિશે લેખકના બે બોલમાં હું કશું ન લખું તો એ મારે માટે બિલકુલ યોગ્ય ન ગણાય. એ ભાઈના વિશે



તો શું લખું કે કહું ? કેટલાંયે વર્ષોથી પરમાર્થનાં મારાં કાર્યોમાં તે મને મદદ કરતા આવ્યા છે. તેમનો ટેકો અને ઓથ જીવનમાં મને પ્રેરણા આપે છે. હંમેશાં તેઓએ મને તેમના ઉદાર દિલથી તેમના દિલમાં અપનાવ્યો છે. મારાં કામોને પણ બિરદાવ્યાં છે અને મદદ કરી છે. તે તો મને જાણે એમ લાગે છે કે સાક્ષાત્ ભગવાન આવીને મને મદદ કરી રહ્યા છે. દર વર્ષે એમને ત્યાં જાઉં અને પરમાર્થનાં કામને માટે તે જે ઉદારતાથી મદદ કરે છે-કરાવે છે-અને જે રકમ આપે છે, તે મારે માટે તો ભગવાનની પ્રત્યક્ષ પરમ કૃપા છે. રકમ તો ગમે ત્યાંથી મળી રહે, અત્યાર સુધી મળી રહી છે, પરંતુ એમનું જે દિલ છે, રકમ આપવાની પાછળ જે દિલનો ભાવ છે, તે દિલની વાત બહુ મોટી છે. એમની ઉદારતા, એમનું મોટું દિલ અને મારા પરત્વેનો એમનો ભાવ તે બધું તો મારા માટે શ્રીભગવાનની Grace એટલે કે ભગવાનની પરમ કૃપાનો અનુભવ પ્રત્યક્ષપણે આ જીવનમાં થઈ રહેલો હું અનુભવું છું. ભલે વર્ષમાં એક જ વાર એમને ત્યાં જતો હોઉં અને એક જ દિવસ એમને ત્યાં રહેતો હોઉં, પરંતુ એમની સ્મરણ-યાદ હંમેશાં મારા દિલમાં રહ્યાં કરે છે. ભગવાનને પ્રાર્થના પણ કરું કે 'હે પ્રભુ ! એ જીવનું તું કલ્યાણ કરજે.' પરંતુ એટલાથી મારું કંઈ પતે એમ હોતું નથી. જગતમાં લેણ અને દેણ બે વસ્તુ રહેલી છે. મારી પાસે એકમાત્ર લેવાની શક્તિ છે. દેવાની શક્તિ નથી. મેં ભગવાન પાસે એવું કંઈ માગ્યું નથી. આશ્રમ શરૂ કરવાનો હુકમ મળ્યો ત્યારે મેં ના પાડી દીધી હતી કે હું નહિ કરું. મારે માત્ર પૈસા જ લેવાના અને જો બદલો વાળી નહિ શકું તો એ મને ફાવશે નહિ. જગતમાં લેવું અને દેવું બે રહેલું છે. એટલે હું લઉં અને કંઈ આપી ન શકું એ બને નહિ. એટલે ગુરુમહારાજે કહ્યું કે 'દીકરા ! તું ચિંતા ન કર. તું તારે આશ્રમો શરૂ કર. તારે ઘણાં કામ હજુ કરવાનાં છે. આશ્રમોને લીધે તે થશે. માટે, તું આશ્રમો શરૂ કર. અને જે કોઈ મદદ કરશે એને

કોઈ ને કોઈ રીતે હું બદલો વાળી આપીશ. બદલો આપવાનું કામ મારું છે.' ત્યાર પછી આશ્રમો શરૂ કર્યા અને બદલો તો મારો હજાર હાથવાળો ભગવાન આપે છે. બદલો આપવાની તાકાત મારામાં નથી. જે કોઈ પૈસાથી-લક્ષ્મીથી મદદ કરે તેને લક્ષ્મી જ મળે એવું કશું નથી. ભગવાનની બદલો આપવાની રીત અનોખી છે-નિરાળા પ્રકારની છે.

પણ અત્યાર સુધીના જીવનમાં એ મેં અનુભવ્યું છે કે જેણે જેણે મને મદદ કરી છે તે બધાંને કોઈ ને કોઈ બદલો મળ્યા સિવાય રહ્યો નથી. એ વાત સોએ સો ટકા સાચી છે. એમાં એક અક્ષરની પણ અતિશયોક્તિ નથી.

એટલે જે કોઈ મને મદદ કરે છે તેને માટે હું તો નિશ્ચિંત રહું છું. ભગવાન બદલો આપશે તેની પણ મને ખાતરી છે. તેમ છતાં મારો પોતાનો ધર્મ છે કે જ્યારે એક જુદું અસ્તિત્વ શરીરનું આ જીવને મળેલું છે ત્યારે એનો ધર્મ પણ એણે અદા કરવો, એ પણ એક સમજવા જેવી વાત છે. એટલે હંમેશાં જે કોઈ મારા આશ્રમને કે મારાં પરમાર્થનાં કામોમાં મને મદદ કરે છે તેમને માટે મારું દિલ બહુ કૂણું કુમળું રહે છે. એટલું જ નહિ પણ એને માટે મારા ભગવાનને પ્રાર્થના કર્યા સિવાય રહી શકતો નથી. હું જગતને સત્ય તરીકે સ્વીકારું છું. Reality તરીકે-વાસ્તવિકતા તરીકે સ્વીકારું છું. એટલે જે કંઈ બન્યા કરે છે એ પણ વાસ્તવિક છે. એટલે મને જે કોઈ મદદ કરે છે તેને માટે પ્રાર્થના કર્યા સિવાય રહેતો નથી. ભગવાનની રીત ન્યારી છે. ભગવાન અમુક રીતે મદદ કરે છે એવું પણ નથી.

મેં કેટલાય કિસ્સા જોયા છે કે કેટલાયને દુઃખ અને દર્દમાં પીડાયેલા જ રાખે, કેટલાકને ભરપૂર એશઆરામ મળે, કોઈકને ગરીબીમાં જ સબડતા-રિબાતા રાખ્યા કરે. ત્યારે આપણને એમ થાય કે આ પણ ભગવાનનો ભક્ત. અને આયે ભગવાનનો ભક્ત. એક



દુઃખ દર્દથી પીડાય છે, એક એશઆરામમાં છે અને એક ગરીબીમાં છે. આ તે ભગવાનનો કેવો ન્યાય ? ભગવાનને ત્યાં કોઈ ન્યાય, અન્યાયનાં માપ નથી. ન્યાય, અન્યાય તો પ્રકૃતિમાં રહેલાં છે. ત્યારે ભલે એમ એ પ્રકૃતિમાં રહેલાં હોય ! પણ કોઈ બિચારો દુઃખ દર્દથી પીડાતો હોય છે, હવે એ કેમ પીડાતો હોય છે અને કેમ નહિ-એનું ધોરણ, એની સમજણ બધી જુદી છે. અહીં એ લખવા માટેનું સ્થાન નથી, પણ હકીકત આમ છે ખરી. એવા બધા જ લોકો ભક્ત હોય છે, પણ એની ભગવાનની રીત બધી ન્યારી છે.

આ ભાઈએ, જે મને મદદ કરી છે, આ સ્તવન મૌક્તિક છપાવવાને માટે એ તો નાની સરખી વાત છે અને મદદ પણ તેમને માટે તો બહુ સામાન્ય છે, પણ બીજી વાત એ છે કે એમને હું કદી ભૂલી શકતો નથી.

એમની ઉદારતા, એમનું ઉદાર દિલ, મારે માટે એમનો ન્યોછાવર થવાનો ભાવ-આ બધું જે છે તે એક મારા જીવનની મોટી ઓથ મને છે અને ફરીથી એમનો આભાર માનું તો એમને સારું ન લાગે, પરંતુ ફરીથી મારા ભગવાનને પ્રાર્થના કરું છું કે એમણે અનેક વાર જે મદદ મને કરી છે, જે ટેકો આપ્યો છે, જે ઓથ આપી છે, જે સહનુભૂતિ બક્ષી છે, જે પ્રેરણા પાઈ છે તે બધાંનો બદલો મારો હજાર હાથવાળો ભગવાન તેમને આપો. તેમને તેમના ધંધામાં બરકત આપો એવી મારા હૃદયની સાચેસાચી પ્રાર્થના છે. હરિઃૐ

*(આ 'ભાવપુષ્પ'માં ઘણે ઠેકાણે 'જ', 'માત્ર', 'શો' વગેરે જે આવે છે તે માત્ર અનુષ્ટુપમાં કોઈ અક્ષર ખૂટતા હોય એટલા ખાતર તે મૂકેલા નથી, પરંતુ તેનો તે તે પ્રકારનો ભાવાર્થ તે તે શબ્દમાં પ્રકાશે છે.)*

હરિઃૐ આશ્રમ, સુરત **-મોટા**
તા. ૭ સપ્ટેમ્બર, ૧૯૭૪

॥ હરિઃૐ ॥

## સંપાદકના બે બોલ

### (પ્રથમ આવૃત્તિ)

૧૯ જુલાઈ, ૧૯૭૪ના રોજ પૂજ્યશ્રીએ મુંબઈથી સુરત જતાં સૂચવ્યું કે '૨૦૮ પાનાંમાં લગભગ દરેક પાના ઉપર લખેલાં બબ્બે પુષ્પોનું સંપાદન તારે કરવું.' મારા માટે તે જરા આશ્ચર્યરૂપ હતું. એવા કાર્યથી તદ્દન અપરિચિત, બિનઅનુભવી એટલે પ્રશ્નાર્થરૂપ પણ. પરંતુ પૂજ્યશ્રીની મમતાળુ આજ્ઞા આગળ બોલવાનું હોય નહિ, કેમ કે એ જ કરતો-કરાવનારો છે, 'પીછે કાહે કો ગભરાના ?' એવા વિચારથી તે કામ સ્વીકારી લીધું. પૂજ્યશ્રીની એવી અનેરી કળા છે કે તેઓશ્રી તેમના પ્રત્યેક સ્વજનને અનેક રીતે 'મઠારતા' હોય છે.

જેને ઉદ્દેશીને આ પુષ્પ-મૌક્તિક-મોતી જેવાં વચનો-લખાયાં છે તેના જીવનમાં ચેતનનિષ્ઠનો જીવતોજાગતો ચમત્કાર સર્જાયો છે, એ તો પ્રથમ ખંડનાં શરૂનાં પાનાં ઉપર નજર ફેંકતાં જ સમજાઈ જશે. એ સર્વ હકીકતના અમે સાક્ષી છીએ, પરંતુ તે પહેલાંની સ્થિતિનો ઉલ્લેખ ટૂંકમાં કરવો જરૂરી છે.

જ્યારે તેની નૌકા કાળમીંઢ ખડકની સાથે કુટાઈ તૂટીફૂટી જવાની અણી ઉપર હતી ત્યારે અમારાથી મોહવશ થઈ જઈને લોકોત્તર પુરુષને પ્રશ્ન પૂછવાનું બની ગયું કે 'શું એનામાં જરાયે સાચી પ્રેમભક્તિ નથી કે તેના માટે કશું કરી શકો નહિ ?' અને જેમ પિતા ઉદ્ધત પુત્રને ઠપકારે તેમ તેમણે અમને નીચેનાં વાક્યોથી ઠપકાર્યા :

*(અનુષ્ટુપ)*

જે લોકોત્તર છે તેનાં મન પારખવા ખરું<br>
તર્ક-દલીલ તે અર્થે શાં ટૂંકાંટચ સૌ પડે !<br>
વિચાર કરવા તેથી શા વાહિયાત અર્થ તે !<br>
અટપટા બધા પ્રશ્નો જીવને ઊપજ્યા કરે,



તો પછી ડો'ળવા યોગ્ય ત્યાં ડહાપણ કેટલું ?<br>
-તે શક્તિમાન છે કોણ ? માનવીનું નથી ગજું.<br>
જીવદશાની બુદ્ધિ તો તે અર્થે વામણી શી છે !<br>
બુદ્ધિ તે અર્થ સંપૂર્ણ છે નાલાયક નિશ્ચયે.<br>
ઉકેલી શકવા તેને પૂરેપૂરા, ન શક્તિ છે,<br>
મેળે વિચારી, પોતાનો તોળવો ન્યાય યોગ્ય શો !

તેથી, કંઈક નિરાશ થતાંમાં જ, ઈશ્વરની લીલા કહો કે એ જીવનાં સત્કર્મનું પરિણામ કહો, કે પૂજ્યશ્રીની 'પ્રાર્થના'નું પરિણામ કહો : પરમાશ્ચર્ય થયું ! જોતજોતામાં બાજી પલટાઈ ગઈ ! તોફાન શમી ગયું ! દિશા બદલાઈ ગઈ ! સુખ, સુમેળ અને સંવાદની સ્થાપના પ્રભુકૃપાથી થઈ ગઈ !

આ ઉપરથી પૂજ્યશ્રીએ એક ઠેકાણે લખેલું યાદ કરવાનું મન થાય છે : 'સંતસમાગમ કદી એળે જતો નથી.... સંતસમાગમના સંસ્કારો નવા હોવા છતાં તેના બળમાં અને શક્તિમાં પેલા (રાગદ્વેષાત્મક જીવનના) સંસ્કારો કરતાં વધુ બળવાન હોય છે.... જેમ જૂના સંસ્કારો ક્રિયમાણ થતા રહેશે તેમ આ નવા સંસ્કારો પણ ઓછાવત્તા અંશે સાથે સાથે ક્રિયમાણ થવાના, અને જો સંતનો સંપર્ક ગાઢ થતો આવ્યો તો વિશેષ ને વિશેષ આ નવા જોરદાર સંસ્કારો પડ્યે જવાના અને તે જીવનમાં વ્યક્ત થયા વિના નહિ રહેવાના.' તે જીવના સંબંધે આ લખાણની યથાર્થતા પૂરેપૂરી જોવામાં આવે છે. તે જ હકીકત પૂજ્યશ્રીએ 'મૌક્તિક'માં ગાઈ છે.

**સોબત હરિની જેને, હરિનો સંગ જેહને,<br>
હરિને નિત્ય સાથે ને સાથે રાખ્યા કરે જ જે,<br>
તેવાને હરિની ઓથ, હૂંફ, સહાય મળ્યા કરે.<br>
ઊંધા સંજોગમાંયે શી એને નિશ્ચિંતતા જ છે ! (પૃ. ૧૫)**

માર્ગ ભૂલેલા, પડેલા અને દર્દી જેવાને માટે સંત એ દવાખાનું છે, એમ શ્રીરામકૃષ્ણ પરમહંસ અનેક વાર કહેતા. ગિરીશ ઘોષ જેવા તરફથી મળેલાં અપમાનો સહીને પણ તેમણે તેના પ્રત્યે પ્રેમવર્ષા કરી હતી એ જાણીતી વાત છે. પૂજ્યશ્રી તેમ કરતાં હોય છે ત્યારે ઘણા નાકનું ટીચકું ચડાવતા હોય છે. તે સંબંધે તેઓશ્રીનું કહેવું છે કે-

**ગાંડાઘેલાં ભલે કર્મ કોઈકનાં હશે જગે,**
**કોઈકના ભલામાં શો જેનો ઉમંગ દિલ છે !**
**જે પરમાર્થમાં રાચે, પ્રભુમાં અભિરુચિ છે,**
**એવા સંસારી છો લાગે છતાં સંસારી તે ન છે. (પૃ. ૫)**

પૂજ્યશ્રીએ તેમના એ સ્વજનને લખેલાં મોતી શાં વચનો આપણ સર્વને પ્રેરણાદાયી થઈ પડશે. હૂંફ અને આશ્વાસન આપશે.

વહાલાજીએ આટલું પ્રેમથી પ્રેરાવ્યું છે એમ માનવું. બાકી, અમારું ગજું નહિ. તેમને વારંવાર પ્રણામ હો ! હરિઃૐ

૧૬૪, સહકાર નિવાસ, **રતિલાલ મહેતા**
૨૦ તારદેવ, મુંબઈ-૩૪
તા. ૫ ઑગસ્ટ, ૧૯૭૪



॥ હરિઃૐ ॥

## નિવેદન

### (પ્રથમ આવૃત્તિ)

પૂજ્યશ્રીના વિચાર મૌક્તિકોનું 'ભાવકણિકા' અને 'ભાવરેણુ' પછીનું ત્રીજું પુસ્તક આ 'ભાવપુષ્પ' પ્રસિદ્ધ થાય છે. મનુષ્યના જીવનમાં જ્યારે ભાવ જાગે છે ત્યારે અધોગામી જીવન પણ કેવું ઊર્ધ્વગામી બને છે, તે આ પુસ્તકમાંથી જાણવા મળે છે. અનુષ્ટુપના ભાવવાહી છંદમાં વ્યક્ત થયેલી આ વાણી જીવન ઉન્નતિની કેવી સુંદર વાત રજૂ કરે છે ! માણસ ગમે તેવો હોય પણ જ્યારે તેનું મુખ ભગવાનની તરફ વળે ત્યારે તેનો બધો મેલ ધોવાઈ જાય છે અને જીવન વિશુદ્ધ થઈને ભગવાનને ધરવાપાત્ર ફૂલ સમું બની જાય છે.

કોડાઈકેનાલમાં પૂજ્યશ્રી જ્યારે દમની વ્યાધિથી ભારે પીડાતા હતા ત્યારે આ વિચારપુષ્પ મૌક્તિકોનું સર્જન થયું હતું. એક તરફ એમનું શરીર પીડાકારી વેદનાઓના હુમલાથી વ્યાધિગ્રસ્ત હતું ત્યારે બીજી તરફ એમનું દિલ આ વિચાર મૌક્તિકોના સર્જનમાં ગુલતાન હતું. ભગવાનની લીલા પણ કેવી ગૂઢ અને અકળ છે ?

જીવન ઉન્નતિની પ્રેરણા સમું આ પુસ્તક જિજ્ઞાસુ વાચકોને ગમશે એવી આશા છે. આ પુસ્તક તૈયાર કરવામાં જેમણે જેમણે જે જે મદદ કરી છે તેનો ઉલ્લેખ 'લેખકના બે બોલ'માં પૂજ્યશ્રીએ કર્યો છે એટલે બેવડાવતો નથી. પૂજ્યશ્રીનાં પુસ્તકોના વેચાણમાંથી ઉપાર્જન થતી તમામ રકમ પરમાર્થના કાર્યમાં સહાયરૂપ થશે એવી આશા છે. આથી પરિચિત-અપરિચિત સર્વ કોઈ તેમના પુસ્તકના વેચાણમાં મદદરૂપ થઈને પરમાર્થના કાર્યમાં સહાયરૂપ થશે એવી આશા છે. પૂજ્યશ્રી તરફના ભાવથી પ્રેરાઈને જે સ્નેહી સજ્જને આ પુસ્તક છપાવવા માટે નાણાં આપવાનું ઇચ્છ્યું છે તે માટે ખાસ તેમના ઘણા ઘણા આભારી છીએ.

મેસર્સ એલેમ્બિક પ્રેસ પૂજ્યશ્રીનાં પુસ્તકોના પ્રકાશનમાં ખાસ રસ લઈને હંમેશાં ત્વરિત ગતિએ સ્વચ્છ સુઘડ રીતે પુસ્તકો તૈયાર કરી આપે છે, તે માટે તેમના ખાસ આભારી છીએ.

હરિઃૐ આશ્રમ, નડિયાદ **નંદુભાઈ**
તા. ૧-૧-૧૯૭૫ વ્યવસ્થાપક ટ્રસ્ટી

॥ હરિઃૐ ॥

## 'શ્રીહરિકીર્તનનો પ્રસાદ'

### (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાનાં પદ્યપુસ્તકોમાં આ પાંચ પુસ્તકો★ અનોખાં છે. 'જીવનઅનુભવગીત' તથા એ શ્રેણીનાં પુસ્તકોમાં તેઓશ્રીએ ગઝલરૂપમાં પોતાના સાધનામય જીવનનો ઇતિહાસ વ્યક્ત કર્યો છે. જ્યારે આ પુસ્તકોમાં પોતે કરેલાં સાધનોને પરિણામે થયેલા અનુભવોનો અણસાર આપ્યો છે. પૂજ્ય શ્રીમોટાએ જીવનની સાધના દરમિયાન અનેક સાધનોનો ઉપયોગ કરેલો. એમાંથી તેઓશ્રીએ માત્ર નામસ્મરણ, પ્રાર્થના, આત્મનિવેદન, સત્સંગ, સન્મુખતા વગેરે જેવાં સાધનો વિશે લખ્યું છે. એ સિવાયનાં સાધનો વિશે ઉલ્લેખ પણ કર્યો નથી. એ સાધનો વિશે ગુપ્તતા રાખવા પાછળનો હેતુ કલ્યાણકારી જ હતો, કેમ કે તેઓશ્રી પરમાત્મરૂપ પામ્યા પછી સંસારમાં સંસારી વેશે વિચર્યા તથા એ રીતે વ્યક્ત થયા. સંસારી રીતરસમમાં જીવતા લોકો પાત્રતા કેળવ્યા વિના ગૂઢ કે સૂક્ષ્મ સાધનનો જો પ્રયોગ પણ કરે તો એવી વ્યક્તિનાં અંતઃકરણોને ભારે નુકસાન પહોંચે. આ નુકસાનમાંથી ઉગારવા જ તેઓશ્રીએ એવાં સાધનો વિશે કશું પણ લખ્યું નથી, પણ જે સાધનો દર્શાવ્યાં છે એ સાધનોનો ભાવનાથી અભ્યાસ કરીને જો જીવાત્મા વિકસતો જાય તો તેને અન્ય જરૂરી સાધનોની પ્રેરણા મળ્યા જ કરે એવી ખાતરી પણ તેઓશ્રીએ આપી છે.

આ પુસ્તકોમાં અનુષ્ટુપ છંદમાં પોતાનો અનુભવ ટૂંકમાં અને સચોટ રીતે રજૂ કર્યો છે. આ પાંચેય પુસ્તકોમાં ૪, ૬ કે ૮ લીટીમાં વ્યક્ત થયેલા અનુભવના અણસારને તેઓશ્રીએ શ્રીહરિકીર્તનના પ્રસાદરૂપે ઓળખાવ્યો છે. પૂજ્ય શ્રીમોટાએ ખૂબ સૂચક રીતે માર્મિક રીતે પોતાના પરમ અનુભવની હકીકત આ શબ્દો દ્વારા વ્યક્ત કરી છે. ભગવાનની કીર્તિ ગાવી એનું નામ કીર્તન. જેણે ભગવાનનો

★'ભાવકણિકા', 'ભાવજ્યોતિ', 'ભાવહર્ષા', 'ભાવરેણુ' અને 'ભાવપુષ્પ'



અનુભવ કર્યો હોય અને 'પોતે' સ્વરૂપે શ્રીહરિના ગુણધર્મોને સહજ રીતે વ્યક્ત થવા દેતા હોય એવા જ કોક 'વિરલા વીર' આવું હરિકીર્તન કરી શકે. આવું હરિકીર્તન આ પુસ્તકોમાં વ્યક્ત થયું છે. 'પોતે' હરિરૂપ છે. છતાં તે પોતાના 'સ્વ' રૂપનું કીર્તન કરે છે -એ લાક્ષણિકતાનો અનુભવ આપણને-વાચકને થયા જ કરે છે. પૂજ્ય શ્રીમોટાએ આ પુસ્તકોમાં શબ્દ દ્વારા વ્યક્ત થયેલા આવા કીર્તનભાવનો પ્રસાદ આપણને સૌને વહેંચ્યો છે. પ્રસાદ એટલે આનંદ. તેઓશ્રીના હૃદયમાં પૂર્ણરૂપે પ્રગટેલ પરમાત્માના આનંદરૂપના ઊછળતા ઉદધિના અનંત જળરાશિમાંથી થતો આ માત્ર છંટકાવ છે.

પૂજ્ય શ્રીમોટા દ્વારા આ પુસ્તકોમાં જે શબ્દો પ્રગટ થયા છે એ 'હરિવાણી' છે, કેમ કે એ મનના વિચારોમાંથી કે ચિત્તની કલ્પનાશક્તિથી વ્યક્ત થયેલા નથી, પરંતુ પોતાના હૃદયમાં પ્રગટેલા અનુભવને વ્યક્ત કરતી શબ્દરૂપ પામતી વાણી છે. એનો પ્રત્યક્ષ પુરાવો એ છે કે આ બધી જ રચનાઓ પૂજ્ય શ્રીમોટાના શરીરના અનેક રોગોની વેદનાકારી સ્થિતિમાં વ્યક્ત થઈ છે. આટલી ભૂમિકાનો વિચાર કરવાથી આ વાણીનું મૂલ્ય આપણે સમજી શકીશું. આ પાંચેય ગ્રંથોમાંનું પ્રત્યેક પુસ્તક મનનીય-ચિંતનીય છે. માત્ર એક જ બેઠકે વાંચી જવા માટે આ પુસ્તકો નથી. એ શબ્દોના હાર્દમાં મનનચિંતવન દ્વારા પ્રવેશવાથી જિજ્ઞાસુની મતિમાં પરમાત્માનો પ્રકાશ અનુભવાય છે અને એ સાથે પૂજ્ય શ્રીમોટાના પરમાત્મરૂપ સાથે તત્ક્ષણ એકરૂપતા સધાય છે. તેઓશ્રીના દેહત્યાગ પૂર્વેનાં બે વર્ષ દરમિયાન પ્રગટ થયેલી આ રચનાઓનું અનેક વખત પરિશીલન કરતાં અનુભવેલી હકીકત છે. વીસ વર્ષ પછી નવી આવૃત્તિ માટે પરામર્શ કરતાં પણ નૂતન અર્થબોધ પામી શકાયો છે.

આ પાંચેય પુસ્તકની પહેલી આવૃત્તિ પ્રગટ થઈ એ પૂજ્ય શ્રીમોટાના વિપુલ આધ્યાત્મિક સાહિત્યનાં પ્રકાશનોમાં નિર્માણની-સજાવટની-દૃષ્ટિએ પણ અનોખી હતી. ક્રાઉન સાઇઝમાં, હાથ બનાવટના ઊંચી ગુણવત્તાવાળા કાગળો ઉપર ખાસ પ્રકારની

સાઇઝવાળા ટાઇપમાં લીલી શાહીથી આ પુસ્તકો છપાયેલાં હતાં. દરેક પાના ઉપર માત્ર એક જ કડી હતી. આ આવૃત્તિમાં એક પાના ઉપર ત્રણ કડીઓ સમાવી છે. અને ૧૬ પેજી ક્રાઉન સાઇઝ પસંદ કરી છે. પૂજ્ય શ્રીમોટાની વાણી પડતર કરતાં પણ ઓછી કિંમતે બહોળા જનસમાજ સુધી પહોંચે એવા આશયથી પુસ્તક નિર્માણમાં આટલો ફેરફાર કર્યો છે.

બે દાયકા પછી પૂજ્ય શ્રીમોટાના આ પ્રકારના પદ્યગ્રંથોનું પુનર્મુદ્રણ આજની પેઢી માટે તો તદ્દન નવું જ બની રહેવાનું. પૂજ્ય શ્રીમોટા કહેતા હતા કે 'આ પ્રકારની ચોપડીઓનું મૂલ્ય તો હવે પછીનાં પચીસ વર્ષ પછી થશે !'

સાહિત્ય મુદ્રણાલયના સંચાલકો શ્રી શ્રેયસભાઈ તથા શ્રી યજ્ઞેશભાઈ પંડ્યા આજની પેઢી માટે જે મૂલ્યવાન સામગ્રી પ્રગટ કરવાના નિમિત્ત બન્યા છે એ બદલ એમને ધન્યવાદ ઘટે છે. આ બંને યુવાન ભાઈઓની પૂજ્ય શ્રીમોટાની સેવા કરવાની તત્પરતા હું સતત અનુભવું છું. જે ઉત્સાહ, ઉમંગ અને ખંતથી મારા સદ્‌ગત મિત્ર વિષ્ણુભાઈ, પારમાર્થિક કામ કરતા હતા, એ જ રીતે આ બંને ભાઈઓ કામ કરી રહ્યા છે, એ જોઈને હું ગર્વ અનુભવું છું. પૂજ્ય શ્રીમોટાના કામને, પોતાના વ્યવસાયના ઘણા દબાણ વચ્ચે પણ, અગ્રતા આપવાની એમની તત્પરતામાં જ એમનો ભક્તિભાવ મેં પ્રમાણ્યો છે. પૂજ્ય શ્રીમોટાનું જન્મશતાબ્દી વર્ષ ૧૯૯૮ના સપ્ટેમ્બરથી શરૂ થશે. એ પહેલાં તેઓશ્રીનું અલૌકિક પદ્યસાહિત્ય પુનર્મુદ્રણ પામવાનું છે. એ કાર્યના શ્રીગણેશ સાહિત્ય મુદ્રણાલયના આ કાર્યથી થાય છે એ આનંદદાયક ઘટના છે.

હરિ:ૐ આશ્રમો (નડિયાદ, સુરત)ના ટ્રસ્ટીઓ પૂજ્ય શ્રીમોટાના ગ્રંથપ્રકાશનના કાર્યમાં મને સામેલ કરે છે એ બદલ એમનો આભારી છું.

અમદાવાદ, **રમેશ મ. ભટ્ટ**

તા. ૨૧-૪-૧૯૯૩ (રામનવમી)



॥ હરિ:ૐ ॥

## અમારે કહેવાનું કે-

**(બીજી આવૃત્તિ)**

પૂજ્ય શ્રીમોટાનાં પાંચ પુસ્તકોની શ્રેણીનું નવા સ્વરૂપે પુનર્મુદ્રણ કરી આપવાનું અમને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે, એ પ્રસંગે અમે કૃતજ્ઞતાની અને ધન્યતાની લાગણી વ્યક્ત કરીએ છીએ.

આમ તો દર વર્ષે પૂજ્ય શ્રીમોટાનું એકાદ દળદાર પુસ્તક છાપી આપવાની પ્રવૃત્તિ સાહિત્ય મુદ્રણાલય તરફથી છેલ્લાં વીસ વર્ષથી થાય છે. અમારા સદ્‌ગત પિતાશ્રી વિષ્ણુભાઈ, પૂજ્ય શ્રીમોટાના પરિચયમાં આવ્યા ત્યારથી (૧૯૬૮) આજ સુધી પૂજ્ય શ્રીમોટાની પ્રેરણાશક્તિનો અમને અમારા કાર્યમાં તથા એના પરિણામમાં પરિચય મળતો રહ્યો છે. સાહિત્ય મુદ્રણાલયની સ્થાપનાના આરંભનાં વર્ષોમાં જે આકરી પરિસ્થિતિ અને સંજોગોમાંથી અમારા પરિવારને તથા સાહિત્ય મુદ્રણાલયને પસાર થવાનું થયેલું એવી જ પળે અમને પૂજ્ય શ્રીમોટાનો સહારો પ્રાપ્ત થયેલો. સાહિત્ય મુદ્રણાલય દ્વારા અમારા પિતા જે અવિરત પરિશ્રમમાં, ઉદ્યમમાં રહેતા હતા તથા અમારાં સદ્‌ગત માતુશ્રી ભગવતીબહેન પણ પિતાના ખંત ઉદ્યમને વેગ આપવા-પરિવારની જવાબદારી સંભાળવા-જે અથાગ મહેનત કરતાં હતાં એનું પણ આ પળે સ્મરણ થાય છે. સદ્‌ગત ભગવતીબહેનના જીવનની કટોકટીભરી અંતિમ ક્ષણોમાં પૂજ્ય શ્રીમોટાએ જાતે વા. સા. હૉસ્પિટલમાં પધારીને એમનાં મસ્તક પાસે ગુલાબનાં ફૂલો મૂકેલાં-એ ઘટના પણ અવિસ્મરણીય છે. અમારા પરિવારનો ઉત્કર્ષ તથા અમારા વ્યવસાયનો વિકાસ એ પૂજ્ય શ્રીમોટાની પરમ કરુણાને લીધે છે, એનું અમને સ્મરણ રહ્યા કરે છે, એ અમારા જીવનની ધન્યતા છે.

સાહિત્ય મુદ્રણાલય દ્વારા પૂજ્ય શ્રીમોટાનાં આ પાંચ પુસ્તકોની શ્રેણીનું પ્રકાશન એ તો અમારા દ્વારા તેઓશ્રીનાં ચરણકમળની આ પંચપાત્ર દ્વારા થતી પૂજનવિધિનો એક પ્રકાર અમે સમજીએ છીએ. તેઓશ્રીએ પ્રત્યક્ષ રીતે અમારા વ્યવસાયના વિકાસમાં જે રસ લીધેલો તથા આજે પણ તેઓશ્રી ચેતનરૂપે અમારા કાર્યમાં પ્રેરણા આપે છે. એમના પ્રત્યેનો કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરવાની આ તો એક પ્રતીકાત્મક પુષ્પાંજલિ છે.

પાંચ વર્ષ પછી પૂજ્ય શ્રીમોટાની જન્મશતાબ્દીનું વર્ષ આવી રહ્યું છે. આ પહેલાં પૂજ્ય શ્રીમોટાના સાધનામય જીવનને વ્યક્ત કરતાં પદ્યપુસ્તકોનું પ્રકાશન થઈ જાય એવી ભાવના મુ. રમેશભાઈએ અમારી સમક્ષ વ્યક્ત કરી અને આ શ્રેણીનાં પાંચ પુસ્તકોથી એનો આરંભ થાય એવું સૂચન કર્યું. હરિઃૐ આશ્રમે આ શ્રેણીના પ્રકાશનનો આરંભ કરવાની અમને તક આપી એ બદલ અમે એમના આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયમાં અમારા સદ્‌ગત પિતાશ્રી વિષ્ણુભાઈએ જે ઊજળી પરંપરા ઊભી કરી છે એને અમારાથી અનુસરી શકાય છે, એ જ તેઓશ્રીનું તર્પણ છે એમ અમે સમજીએ છીએ. એવી પરંપરાના એક ભાગરૂપે પૂજ્ય શ્રીમોટાના ગ્રંથો પૈકી આ પંચપાત્રના નવનિર્માણને તેઓશ્રીનાં ચરણે સમર્પિત કરીને અમે ધન્યતા અનુભવીએ છીએ.

અમદાવાદ, **શ્રેયસ વિ. પંડ્યા**
તા. ૨૧-૪-૧૯૯૩ **યજ્ઞેશ વિ. પંડ્યા**
**હિમાદ્રી વિ. પંડ્યા**



॥ હરિઃૐ ॥

# નિવેદન

## (બીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા વિરચિત 'ભાવપુષ્પ' તથા આ જ શ્રેણીનાં બીજાં ચાર પુસ્તકો એમ કુલ પાંચ પુસ્તકોનું પુનર્મુદ્રણ પ્રગટ કરતાં આનંદ થાય છે. આ પ્રકારનાં પુસ્તકોમાં પૂજ્ય શ્રીમોટાના પરમાત્માનુભવનું હાર્દ સૂચિત હોવાથી એનું ઘણું મૂલ્ય છે.

આ પુસ્તકોની આ નવી આવૃત્તિના પરામર્શક તરીકે ડૉ. રમેશભાઈ ભટ્ટે અમને સહાય કરી છે. પહેલી આવૃત્તિના પ્રકાશનમાં જ્યાં જ્યાં મુદ્રણદોષો હતા એ સુધાર્યા છે અને પાઠ (Text)ને વધુ આધારભૂત બનાવ્યા છે. અમે રમેશભાઈનો આભાર માનીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં આ પાંચેય પુસ્તકો સાહિત્ય મુદ્રણાલયના સંચાલકો શ્રી શ્રેયસભાઈ પંડ્યા તથા શ્રી યજ્ઞેશભાઈ પંડ્યાએ છાપીને હરિઃૐ આશ્રમને ભેટ આપ્યાં છે. આ બંને યુવાન સંચાલકોએ એમના સદ્‌ગત પિતાશ્રી વિષ્ણુભાઈ પંડ્યાની ઉજ્જ્વળ પરંપરાને જાળવી રાખીને, પૂજ્ય શ્રીમોટા તથા હરિઃૐ આશ્રમ પરત્વે અવિરત ભાવ વ્યક્ત કર્યા કર્યો છે. એમના માટે આભારના શબ્દો તો ઓછા પડે. અમે એમના પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય શ્રીમોટાનાં ચાહકોને તથા સ્વજનોને અમારી નમ્ર વિનંતી છે કે આવાં પુસ્તકો તેઓ ખરીદીને વાંચે તથા અન્ય મિત્રોને ખરીદવા પ્રેરે. પૂજ્ય શ્રીમોટાએ પ્રસ્થાપિત કરેલી ભાવના પ્રમાણે પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોના વેચાણમાંથી થતી આવક લોકકલ્યાણનાં કામોમાં જ વપરાય છે.

હરિઃૐ આશ્રમ, નડિયાદ **સી. ડી. શાહ**
તા. ૨૧-૪-૧૯૯૩ વ્યવસ્થાપક ટ્રસ્ટી

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (ત્રીજી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા રચિત **'ભાવપુષ્પ'**ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન સને ૧૯૭૪માં થયા બાદ તેની બીજી આવૃત્તિ સને ૧૯૯૩માં પ્રકાશિત થઈ હતી. હાલ આ પુસ્તકની પ્રતો અપ્રાપ્ય હોઈ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન કરતાં અમો આનંદ અનુભવીએ છીએ.

ભાવશ્રેણીનાં આ પુસ્તકોમાં અનુષ્ટુપના ભાવવાહી છંદમાં પૂજ્યશ્રીની જે વાણી વ્યક્ત થઈ છે, તેનું વાંચન મનુષ્યના જીવનને ઉન્નતિના માર્ગે લઈ જનાર છે. આ પુસ્તકની પ્રતો અપ્રાપ્ય હોવાથી તેમ જ તેના પ્રકાશન માટે શ્રી શ્રીવાસભાઈ ભૂખણરાય ઘીવાળા પરિવાર તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થતાં, આ ત્રીજી આવૃત્તિનું પ્રકાશન શક્ય બન્યું છે. આવા સહયોગ બદલ શ્રી ઘીવાળા પરિવારના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પૂજ્ય શ્રીમોટાનો અક્ષરદેહ ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આ આવૃત્તિને પણ સ્વજનો આવકારશે એવી અમોને આશા છે.

તા. ૧૪-૧-૨૦૦૫ **ટ્રસ્ટીમંડળ,**
(મકરસંક્રાંતિ) હરિઃૐ આશ્રમ, સુરત



॥ હરિઃૐ ॥

ધારેલું દિલમાંનું જે
તેને પાર ઉતારવા,
જેનો મરણિયો પાકો
નિશ્ચય, તે જીતે સદા.

તા. ૭-૧૧-૧૯૭૨ **મોટા**

## ભાવપુષ્પ

❑

પૂજ્ય શ્રીમોટા



**'હું સર્વત્ર વિદ્યમાન છું.'**

'જીવન દર્શન', ૧૧મી આ., પૃ. ૪૩૧ **- શ્રીમોટા**

હરિ:ૐ

## ખંડ ૧ : હરિ સંગાથે સંસાર

(અનુષ્ટુપ)

ગુલાંટો કેટલી ખાધી સંસાર વિષચક્રમાં !
ખત્તા શા કેટલા ખાધા છતાં આવી ન સાન ત્યાં !
અથડાતો કુટાતો'તો કૂંડાળે ત્યહીંનો ત્યહીં,
છતાં જ્યારે કૃપાલાત લાગી તારી, ઉઠાયું છે.



કેટલી કેટલી કેવી ગંદકીમાં પડ્યો હતો !
નીકળવાનું તો ભાન તેમાંથી જાગ્યું ના હતું;
ફેરવી બુદ્ધિ એવાની તારા સેવનમાં મને
-પરોવી દઈને કેવો દીધો છે જોડી તેં પદે !

□

એકંદરે હું ફેંકાઈ ગયેલો માનવી હતો,
કોઈ રીતથી સંસારે ન્હોતો ઢંગધડો કશો;
આમતેમ કર્યું જોયા, માર્યાં ડાફરિયાં બધે,
તારવી લઈ તેમાંથી પાડ્યું ઠેકાણું કેવું તેં !

□

કમાયો જેટલું, તેનો અડધો ભાગ, ભાવમાં
-આવી જઈ જ ખર્ચ્યો છે મેં શો પરમાર્થ કર્મમાં !
કયું સારું, કયું ખોટું જોયું ના પરમાર્થમાં,
આવ્યું જે દૃષ્ટિમાં તેને આપ્યા કરેલ મેં તદા.

હરિના ભાવમાં મેં તો સાંઈબાબાતણા પદે
-ભાવથી માથું મૂક્યું છે થવા દેવા જ યોગ્ય તે;
મુશ્કેલી આવતાં કૈંક પાસે ત્યાં દોડી આવીને
-દર્શન, પ્રાર્થના તારી કરંતાં સ્ફૂર્તિ પામિયો.

□

'ગડમથલમાં કેવો કદીક પડી હું જઈ
-ભૂલેલો શો તને સાવ' તેથી શરમ આવી છે;
ઊંચું માથું થવા ત્યારે હૈયામાં હામ ના જરા,
છતાં ક્ષમા શી માંગી છે તારી, કરી શી પ્રાર્થના !

□

આવતાં તુજ ધામે શો સ્મરતો સ્મરતો હૃદે !
હૈયે પોકારતો ભાવે જોશતાનથી શો તને !
ત્યારે તે જોશના તાને એકાગ્રતા શી સ્ફુરતી !
એમાં પ્રફુલ્લતા શાંતિ શાં તરવરતાં વળી !



ભલેને શ્રેષ્ઠ ભારેમાં ભારે હોય પરાક્રમ,
તાકાત સહવા ભારે સંપૂર્ણ હોય અંતર;
ઉત્તમોત્તમ સૌ ગુણો ભલે હોય, છતાંય જો
-હરિભાવ ન તેમાં છે, ઊર્ધ્વને યોગ્ય તે ન છે.

□

સંસારે કર્મને જેઓ વફાદાર પૂરેપૂરા,
લક્ષ્મીને વરવા કર્મ તત્પર કરવા ખરા;
તે સૌના કરતાં કિંતુ થતાં સૌ કર્મને વિશે
-જીવતો ભાવ જેને છે, ઉત્તમ માનવી જ તે.

□

પોતાનામાં જ એકાગ્ર એકલક્ષે રહે સદા,
પોતાના એકલાનું જે વિચાર્યા કરતો સદા;
જીવને લક્ષ પોતાનું જેને છે એકલાનું તે,
એવો માનવી સંસારે ક્યાંય ના અટવાય છે.

સંસારમાં રમે જેઓ સંસારની રીતે ખરા,
રચ્યાપચ્યા રહી તેવા સંસારી રીતમાં જીવે;
વિના સંસાર એવાને સૂઝે ના બીજું કૈં જગે,
આદર્શ જીવવા કાજે સંસારે એમને ન છે.

□

ગાંડાઘેલાં ભલે કર્મ કોઈકનાં હશે જગે,
કોઈકના ભલામાં શો જેને ઉમંગ દિલ છે !
જે પરમાર્થમાં રાચે, પ્રભુમાં અભિરુચિ છે,
એવા સંસારી છો લાગે છતાં સંસારી તે ન છે.

□

જીવતાં જાગતાં જેને બીજાંકેરા ભલાતણો
-ચેતનાત્મક વિચાર જેને છે દિલ જીવતો;
વૈભવ, લક્ષ્મી, ઐશ્વર્ય તેવાનાં નિજ સ્વાર્થના
-કરતાં પરમાર્થે જો, તેવા માનવી ધન્ય શા !



મુશ્કેલીમાંથી જે ઊઠી પોતાનાં કર્મને વિશે
-સાંગોપાંગ પૂરેપૂરો જોડાઈ લીન થાય જે;
પડે પાછો ન કોઈ તે રીતે, માનવી મર્દ તે,
કેવું શહૂર તેવાનું અવર્ણનીય, ભવ્ય છે !

□

મુશ્કેલી ગણકારે છે જેનું ના મન સ્હેજયે,
મુશ્કેલી વેઠતાં જેને શો ઉત્સાહ અપાર છે !
એવાને મન મુશ્કેલી છે ન મુશ્કેલી જીવને,
સામનો કરવા શક્તિ મુશ્કેલી પ્રેરતી હ્રદે.

□

જેને પૂર્ણ ભરોસો છે હરિમાં, શી નિરાંત છે !
જેને વિશ્વાસ સંપૂર્ણ હરિમાં તે સુખે સૂવે,
જેને સંપૂર્ણ શ્રદ્ધા છે હરિની પર અંતરે,
તેને સંભાળી શો લે છે શ્રીહરિ આપમેળ તે !

હરિ રક્ષક છે જેનો સંસારે નિજ જીવને,
‘નિરાંત કેટલી તેને’ જાણે શો એકલો જ તે !
આઠે પહોર જેને છે હરિની ભક્તિ અંતરે,
એવો નિશ્ચયમાંથી તે કદી ના બદલાય છે.

□

‘દુગ્ધા, ઉપાધિ, મુશ્કેલી, સમસ્યા, ગૂંચ પ્રશ્નમાં,
ચિંતા, ફિકર;’ એવું સૌ દે છે જે સોંપી પાદમાં;
બુદ્ધિથી સૂઝતા એવા ઉપાય યોગ્ય લે જ જે,
કરતાં કરતાં ભાવે પ્રાર્થના, તેનું નીપજે.

□

બીજો કોઈ હરિ જેવો સાથીદાર ન જીવને,
એકાગ્ર ભાવથી જેઓ નિરંતર હરિ ભજે;
મિત્રતા હરિ સાથે છે જેને ખરેખરી હૃદે,
તેવાને હરિનો સાથ અંતરે શો મળ્યા કરે !



સ્તુતિમાં, પ્રાર્થનામાં ને ચિંતવને હરિના જ ને,
હરિને એકધારો જે નિરંતરે ભજે હૃદે;
હરિને એકલાને જે ધારે છે માત્ર દિલમાં,
તેનો સર્વસ્વ આધાર બની રહે હરિ સદા.

□

સંકટ આવતાં માથે ને જ્યાં વિઘ્ન તૂટી પડે,
તે કાળે હરિ શો જેને યાદ આવે ઊંડો હૃદે !
પાડે પોકાર જે ત્યારે હરિને દિલ ભાવથી,
પ્રત્યુત્તર હરિ દે છે તેવાને તુર્ત આપથી.

□

હરિને એકલાને જે મનાદિમાં ધર્યાં કરે,
હરિ વિના ન ચાલે છે જેને જરાય અંતરે;
જેમાં તેમાં બધાંમાં જે એકલા હરિને જુએ,
સ્મરતાં સ્તવનો જેનાં ભાવનો નવ પાર છે,
હરિ નિરંતરે જેનો ચેતનપ્રાણ જીવને;
તેવાને હરિ શો વ્હાલ ચાંપી ચાંપી હૃદે કરે.

વ્યવહાર બધો જેનો હરિની સાથ નિત્ય છે,
ને સંસાર બધો જેનો એકલો હરિ માત્ર છે;
સગાંવ્હાલાં બધાંમાં શો પ્રેમથીયે ખરેખરો
-એકલો એક વ્હાલામાં વ્હાલો શ્રીહરિ માત્ર શો !

□

એકલા હરિની ભાવે રમ્યા બંદગીમાં કરે,
સૃષ્ટિના વ્યવહારે જે હરિને મોખરે ધરે;
હરિ વિના કશે ક્યાંયે એક ના ડગ જે ભરે,
હરિની ભક્તિમાં રાચે શા તેવા તો નિરંતરે !

□

હરિમાં લક્ષધારી જે હરિને માત્ર ચિંતવે,
હરિના એકલામાં જે ઠેરવે છે મનાદિને;
સર્વ સંસારમાં જેને એકલો શ્રીહરિ જ છે,
હરિ વિનાનું અસ્તિત્વ જેને ના લાગતું કશે,
એવાનો શ્રીહરિ પોતે દાસાનુદાસ શો બને !
એવા તે ભક્તને માટે ગરુડે ચઢીને ઊડે.



નિવેદીને નિવેદીને હરિને બધું જે ભજે,
ને નિવેદ્યા વિના જેને પડે ચેન ન અંતરે;
ભજતાં ભજતાં ભાવે નીપેટે સર્વ કર્મ જે,
હરિની પ્રેરણા તેવા ભક્તને અંતરે મળે.

□

હરિના ભાવથી માત્ર લાગે અસ્તિત્વ સર્વનું,
હરિ શો એકલો એવો બધાંનામાં વસેલ શું !
રમેલ
ભજ્યા વિના હરિ જેને સૂનો સંસાર લાગતો,
એવો તે ભક્ત વ્હાલામાં વ્હાલો શ્રીહરિને જ શો !

□

હરિમાં પ્રાણ પ્રોઈ જે એકધારું ભજે હૃદે,
સંસાર હરિ વિનાનો મુડદા સમ જેહને;
ને સગપણ છે જેને એકલા હરિનું હૃદે,
તારણહાર તો માત્ર તેવાનો શ્રીહરિ જ છે.

હરિના ગુણ ગાવામાં રસાસ્વાદ અપાર છે,
ભજતાં હરિને જેને આઠે કોઠે દીવા બળે;
નિરંતરે હરિ સાથે જેની ગોષ્ઠિ જીવંત છે,
તેવાને હરિ શો ન્યાલ કરી દે છે બધી રીતે !

□

શાંતિ, પ્રસન્નતા, પ્રેમ, અખંડાનંદ જીવને,
અનંત ગુણ ને ભાવ સાક્ષિત્વ ને સમત્વ છે;
સંપૂર્ણ નિઃસ્પૃહી પાછો સ્પૃહાયુક્ત છતાંય જે,
એવાં અનુભવીનાં છે લક્ષણો ચેતનાત્મકે.

□

સંસારે ઝંખના જેને એકલા હરિની જ છે,
સૌ શ્વાસોચ્છ્વાસ જેના તે એકલા હરિના જ છે;
જીવન સર્વ સંસાર સમાયેલ હરિ વિશે,
એવા તે ભક્તની વ્હારે ચઢેલો તે નિરંતરે.



સંસારે એકલા માત્ર જેને હરિનું હેત છે,
હરિના રસમાં જેઓ નિરંતરે ડૂબેલ છે;
રોમરોમે રમે જેને એકલો હરિ જીવને,
એવાને હરિ પોતાનો કરી, જિવાડતો હૃદે.

□

સમસ્યા, આપદા, વિઘ્ન મળવાનાં તે બધાંયને,
પરંતુ તે વિશે ભાવે ભજે જે હરિને હૃદે;
હરિને ના વીલો મૂકે જે પળવાર જીવને,
સંગાથી હરિ છે જેનો શો નિરંતર અંતરે !
થતાં કંઈક પોકારે રાડ પાડી શું બૂમથી !
દે આશ્વાસન શો એને પોતાના વ્હાલથી કરી !

□

હરિમાં લક્ષ જેનું છે, હરિમાં ધ્યાન જેનું છે,
હરિને સંઘરે પ્રેમે હૈયામાં રત્ન જેમ જે;
પોતાની સર્વ વાતો જે હરિને કાનમાં કથે,
સંભાળીને હરિને જે સંસારે જીવતો ખરે;
‘જે જે સર્વસ્વ પોતાનું તે તે શ્રીહરિનું જ છે’
-એવું ઊંડું ઊંડું માની વર્તે, માનવી ધન્ય તે.

બધું જીવન જેનું તો જાગતું જે થયેલ છે,
હરિને તે ભજ્યાકેરી પ્રત્યક્ષ સાબિતી શી તે !
જે હરિ, હરિ હૈયાનો જેનો પોકાર સર્વદા,
હરિ 'જીવન એવાનું' 'હરિ'-સર્વસ્વ એનું છે.

□

નિરંતરે ભજે ભાવે જે કોઈ હરિને હૃદે,
તેને મૌલિક સૌંદર્યતણું દર્શન થાય છે;
ભજતાં ભજતાં ભાવે નિરંતરે ભજાય છે,
ભક્તિનો મહિમા કેવો એકલો ભક્ત પ્રીછશે !

□

હરિને જે વરેલો છે, હરિ તેને રગે રગે,
સ્વીકારેલો હરિ જેણે ભક્તિથી, હરિ પાસ છે;
હરિ જેને સ્વીકારે છે તેનામાં હરિ શો રમે !
વરે જે હરિ ભક્તિથી તેને શો શ્રીહરિ વરે !



સંસાર જે મળેલો છે ડૂબવા ના મળેલ તે,
તરવા તે મળેલો છે કિંતુ જાણે ન કોઈ તે;
ઉપાધિ માત્ર સંસારે સંસારીને જ શી નડે !
હરિના ભક્તને કિંતુ તેમાં હરિનું જ્ઞાન છે.

□

હરિના ભાવનું જેને રટણ છે નિરંતરે,
બધુંયે થતું હો જે તે, છતાં તેમાં હરિ જ છે;
હરિ શો એકલો માત્ર જેને જીવન છે સદા !
તેવાનો હરિ આધાર જીવતો બની ર્હે તદા.

□

હરિના ભાવથી જેઓ મળ જીવનનો ધૂવે,
એ રીતે જે થતાં સ્વચ્છ, સ્વસ્થ શા થાય અંતરે !
સ્વસ્થતા ફૂટતાં કેવી ઊંડી તટસ્થતા સ્ફુરે !
સંસારે ભેરવાઈ તો એવા તે નવ જાય છે.

સંસારમાં હરિ જેને જીવતો જાગતો જ છે,
સંસારમાં હરિને જે એકધારો હૃદે ધરે;
'સંસારનું લીલાક્ષેત્ર હરિને રમવાતણું,'
એવા ભાવથી સંસારે જે રમે, તરી જાય શું !

□

સોબત હરિની જેને, હરિનો સંગ જેહને,
હરિને નિત્ય સાથે ને સાથે રાખ્યા કરે જ જે;
તેવાને હરિની ઓથ, હૂંફ, સ્હાય મળ્યા કરે,
ઊંધા સંજોગમાંયે શી એને નિશ્ચિતતા જ છે !

□

હરિને જે ગમે તેવા સંજોગોમાં મૂકી ન દે,
વળગેલો રહે નિત્યે અખંડ ભાવથી હૃદે;
શો શ્વાસોચ્છ્વાસ સંપૂર્ણ જેને શ્રીહરિ અંતરે !
એવાને ન્યાલ સંપૂર્ણ કરી દે હરિ જીવને.



ભીંજવે છે હરિને જે હૈયાના ભક્તિના રસે,
તેવાને પીરસે છે તે તે અમૃતરસ અંતરે;
જે તેનુંય તે, લાગે ચમત્કારિક નૂતન,
ક્ષણે ક્ષણે છે સૌંદર્ય, જેને જ્ઞાન ઉજાસ છે.

□

હરિઃૐ

## ખંડ ૨ : સંસારનો હેતુ

(અનુષ્ટુપ)

ના અવહેલના પાત્ર સંસાર તો કદીય છે,
શ્રીહરિનો દીધેલો છે મોક્ષનો શો ઉપાય તે !
સંસારનાં બધાં કર્મ પ્રભુપ્રીત્યર્થ જાણીને,
દેવા સંતોષ સંપૂર્ણ હરિને, કર્મ માત્ર છે.



સંસારી બનવા પૂરા સંસાર તે ન અર્થ છે,
પાછો સંતોષવા પૂર્ણ કામાદિ માટ તે ન છે;
લોભ, મોહાદિ ને સ્વાર્થ માટે તે ના મળેલ છે,
જીવદશાથી તો મુક્ત થવા, સંસાર સાર્થ છે.

□

ક્લેશરૂપ ન સંસાર, સંસાર ના ઉપાધિ છે,
સમસ્યાદિ સાંસારિક શાં બધાંનેય હોય છે !
કેવાં તોફાન, વંટોળ સંસારે જાગતાં જ છે !
સંસાર કિંતુ તેથી તો વ્યર્થ બની જતો ન છે,
સંસારે વળી સંગ્રામ જુદા જુદા જ સાંપડે,
સામનો કરવાથી તો શક્તિ અંતરની બઢે.

□

મર્દાનગીતણી શક્તિ સંસારે કેળવાય છે,
ભાવના કેળવાવાને સંસાર આ મળેલ છે;
ગુણો કેળવવા, ક્ષેત્ર સંસારકેરું શ્રેષ્ઠ છે,
માત્ર ભોગવવા માટે સંસાર ના મળેલ છે.

સંસારે એકલો માત્ર નર્યો સ્વાર્થ ન ક્યાંય છે,
સમષ્ટિમાં સમાયેલો સંપૂર્ણ માનવી જ છે;
સમષ્ટિથી જુદો ક્યાંયે પોતે માનવી છે જ ના,
પોતાના એકલામાં ના રાચવું તેથી ઈષ્ટ છે.

□

સંસારે માનવી સ્વાર્થ માત્ર જો નીરખ્યા કરે,
સંસારે માનવી સ્વાર્થે લુબ્ધ જો માત્ર થાય છે;
તો તો સંસારનો હેતુ નર્યો માર્યો જ જાય છે,
માત્ર ભોગવવા સ્વાર્થ સંસાર તો મળ્યો ન છે.

□

સંસારમાં બધાં સાથે હળવું ભળવું પડે,
એકલા માત્ર ત્યાં ક્યાંયે રહી શકો ન છો તમે;
બે પરમાર્થ ને સ્વાર્થ દ્વંદ્વનું જોડકું જ છે,
સ્વાર્થની સાથ સંપૂર્ણ પરમાર્થ ભળેલ છે.



સંસારે માનવી કેવો મતલબ ને સ્વાર્થમાં,
નર્યું તે વેડફે કેવું જીવન નિજનું સદા !
સ્વાર્થ તે એકલું માત્ર જીવન માનવીનું ના,
સ્વાર્થથી તો નર્યો શો તે રૂંધાયેલ રહે સદા !

□

ઘાંચીના બેલની પેઠે ચાલ્યા ઘણું ઘણું કરે,
છતાં શો ઠેરનો ઠેર એવું જ સ્વાર્થનું ખરે !
સ્વાર્થથી માનવી દૃષ્ટિ શી સંકુચિત થાય છે !
દૃઢ જીવદશા સ્વાર્થે રૂઢ ને રૂઢ થાય છે,
તેથી વિકાસને પૂરો સ્વાર્થ શો રૂંધનાર છે !
ઊર્ધ્વે લઈ જવા, સ્વાર્થ કેવો બંધનરૂપ છે !

□

જીવને સર્વ સંસાર નર્યો ના સ્વાર્થરૂપ છે,
ત્યાં પરમાર્થનેયે શો પડે છે કરવો ખરે !
કરવો પડતો ત્યાગ, ઇચ્છાની ત્યાં ન વાત છે;
તો પછી સમજી ત્યાગ માનવી કરતો ન કાં ?

કામ, ક્રોધાદિ ને મોહ, લોભ, તૃષ્ણાદિ પોષવા,
માત્ર સંસાર તે માટે મળ્યો છે કૈં ન તે કદા;
સંસારથી થવા ઊર્ધ્વ, સંસારે પ્રીછવા પ્રભુ,
મળ્યો કૃપાથી સંસાર, સંસાર તીર્થરૂપ શો !

□

સંસાર માત્ર ના માયા, સ્વાર્થ કાદવરૂપ ના,
કદી સંસાર ના મિથ્યા, સંસાર સારરૂપ ત્યાં;
સંસારને ગ્રહો જેવી રીતે, સંસાર તેમ છે,
દોષ સંસારમાં જુએ તેવા અજ્ઞાની મૂર્ખ છે.

□

રમણક્ષેત્ર સંસાર શ્રીહરિતણું દિવ્ય છે,
સંસારનાં થતાં કર્મે કેવો શ્રીહરિ ભવ્ય છે !
ત્યારે સંસાર તો કેવો અમૃત રસરૂપ છે !
હરિભાવ પરોવ્યાથી સંસારે, દિવ્ય આપ તે.



કામ, ક્રોધાદિથી મુક્ત થવા સંસાર સાધન,
રાગદ્વેષાદિથી મુક્ત થવા સંસાર સાધન;
વિના સંસાર આ સર્વે થવું શક્ય કદાપિ ના,
ઊર્ધ્વ પ્રાપ્તિ થવા કાજે સંસાર શો યથાર્થ ત્યાં !

□

ત્યાં ને ત્યાં પડી ર્‌હેવાને સંસાર ના મળેલ છે,
છતાં માનવી સંસારે રગદોળાય છે ખરે;
નીકળવાનું તેમાંથી થતું ના મન કોઈને,
એવો સંસારનો મોહ માનવીનો અકલ્પ્ય છે.

□

માનવી શો કૂંડાળાંમાં એકને એકમાં રમે !
સંસારી જીવને એને કંઈ ના ઊર્ધ્વનું સૂઝે,
સંસારી મોહમાયાને જીવન માનવી ગણે,
સંસાર નર્કની ખાણ મિથ્યા છે માનવું જ તે.
કિંતુ સંસારનાં કર્મો થતાં થતાં તહીં હૃદે,
પ્રભુપ્રીત્યર્થનો ભાવ ત્યાં અવતરવો ઘટે.

જાણવું જુદું ને પાછું માનવું પણ જુદું છે,
જાણવું માનવું જુદું પ્રત્યેક ભૂમિકાનું તે;
જાણવું માનવું તેથી કદી ના એકરૂપ છે,
જાણવા માનવાનો ના, આપવો અભિપ્રાય કૈં.
જીવતી જાગતી પૂર્ણ ધારી તટસ્થતા હૃદે,
સાંભળવું બધાંનુંયે છતાં ના માનવાનું તે.
મત લેવો ન બાંધી તે.

સંસાર ઊર્ધ્વ ને નિમ્ન બંને પાસાંથી યુક્ત છે,
નિમ્નમાંથી જવા ઊર્ધ્વ સંસાર શો મળેલ છે !
નિમ્ન ને નિમ્નમાં ર્‌હેવા પડી, સંસાર છે ન તે,
શોધવા સાર સંસાર, દેવા વેડફી તે ન છે.

સંસારે જે ભજે ભાવે હરિને એકદિલથી,
થતાં કર્મો વિશે ભાવ પરોવે દિલ લક્ષથી;
હરિને દિલ સાથે ને સાથે રાખે જ પ્રેમથી,
જેને શો હરિ વ્‌હાલામાં વ્‌હાલો, તે સત્ય ભક્ત છે !



સ્મરણ-ભજને-ભાવે સત્સંગે વળી કીર્તને,
નિદિધ્યાસન, સત્‌કર્મે, પ્રાર્થના ને નિવેદને;
સમર્પણાદિ અભ્યાસ જેનો જીવંત થાય છે,
જાગતાં ભાવ, નિત્યનો થતાં, તત્ત્વ પમાય છે.

હરિનો ભાવ, એ માત્ર જેનું જીવન હોય છે,
એવા તે એકલા પાત્ર લાડીલા હરિના જ છે;
નિરંતરે ભજે ભાવે એક લક્ષથી જીવને,
તેવા શા ભક્ત, હૈયામાં જિવાડે હરિને હૃદે !

આદર્શ માટ જીવ્યા તે જીવવું જુદી રીતનું,
યદ્વાતદ્વા ગમે તેમ જીવ્યા અર્થ વિનાનું શું !
કૂતરાં ને બિલાડાંયે જીવે છે જગમાં બધાં,
એવું તે જીવવા અર્થે માનવીપણું છે જ ના.

નર્યા તે સ્વાર્થને માટે જીવવું તે નકામું છે,
જીવન પશુપંખીનું જગે એનાથી ઠીક છે;
શાં એકમેકને અર્થે ત્યાગ કરી કરી જીવે !
શાં એકમેકની સાથે ભેગાં ભેળાં રહી જીવે !

□

ભગવાન વિના જેનો ચાલે ના વ્યવહાર કૈં,
એકલો છે હરિ માત્ર જેનો શો સૂત્રધાર જે !
હરિ વિના ન સંસારે જેને જરીય ચાલતું,
એવાનું હરિ સંભાળી લે છે સંસારમાં બધું.

□

સંસારના બધા ઊંડા પાયામાં શ્રીહરિ જ છે,
આધારે રોમરોમે શો રમે હરિ નસેનસે !
હરિના એકલાનામાં લગાતાર જ લક્ષ છે,
એવો જે માનવી, તેનું કશું ના અટકી પડે.



ઉપાધિ, વિઘ્ન, મુશ્કેલી સંસારે સર્વને નડે,
કિંતુ જે ભાવથી ઊંડા હરિને સ્તવતા હૃદે;
તેવાને વિઘ્ન હોવા તે છતાં, ત્યારેય શ્રીહરિ
-એકલાને ભજે ભાવે, તેને તે નડતું નથી.

□

જેને વિલાસ, ઐશ્વર્ય ને વૈભવ અનંત છે,
તેવાનેય છતાં વિઘ્ન, ઉપાધિ છોડતાં ન છે;
ભલે વૈભવ, ઐશ્વર્ય હરિના ભક્તને ન છે,
એકલા હરિનાથી શો તેને સંતોષ પૂર્ણ છે !

□

હરિમાં જીવ જેનો છે, ભજે છે તે નિરંતરે,
હરિના એકલાનો શો તેનો સંસાર જીવને !
શો વ્યવહાર ચાલે છે તેનો માત્ર હરિ વડે !
તેની જીવનશક્તિ તો સર્વસ્વ હરિ માત્ર છે.

હરિને ભજવાકેરો જેનો શો વ્યવહાર છે !
હરિને ભજવામાં શો જેને જીવનસાર છે !
હરિની ભક્તિમાં જેનાં વૈભવ ને વિલાસ છે,
તેને જીવન ઐશ્વર્ય હરિ શો એકલો જ છે !

□

હરિમાં રમવાકેરા જેને કોડ અપાર છે,
હરિને ભજવામાં શા રાતદિવસ જાય છે !
હરિને પ્રાર્થના-ભાવ જેનો શૃંગાર માત્ર છે,
હરિમાં રમવા જેનું અખંડાકાર દિલ છે;
તેવા શા લાડીલા એવા હરિના ભક્ત કોક જે !
વિરલા વીર કોઈક શા ભાગ્યશાળી ભક્ત છે !

□

જતાં ને આવતાં રસ્તે કર્મ સૌ કરતાં રહ્યો,
સૌ વ્યવહારમાં ભાવે નામ લીધા કરે જ જે;
નામનો માત્ર સંસારે શો વ્યવહાર જેહનો !
સૌ વ્યવહાર તેવાનો સંસારે શ્રીહરિ જ શો !



રમતાં, જમતાં, સૂતાં, ન્હાતાં ને ફરતાં બધે,
જીવતો હરિનો ભાવ જેહના દિલમાં રમે;
પ્રત્યેક પ્રક્રિયામાં શો એકધારો જીવંત છે !
એવા તે ભક્તનો પ્રાણ શ્રીહરિ એકમાત્ર છે.

□

જીવદશાની વૃત્તિથી જીવવું, તે ન જીવવું,
જીવવું ભાવ આધારે તેવું જીવવું સાર્થ શું !
જીવવૃત્તિ નથી જેમાં ઉત્તમોત્તમ જીવન,
હરિપદે ચઢાવાને તેવું જીવન ઉત્તમ.

□

તપ, વિવેક ને ત્યાગ, વૈરાગ્ય, પરમાર્થયે
-જેના જીવનમાં ના છે, જીવવું તેવું વ્યર્થ છે;
એકલો જ નર્યો સ્વાર્થ જેના જીવનમાં હશે,
તેવો જીવ જીવે તોયે જીવતો ના ગણાય તે.

બીજાંને માટ જો આવે કરવાનું કશું પણ,
જાગે ઉમળકો ના કૈં તેવાં ના યોગ્ય તો જન;
ઘસાવાનું બીજાં કાજે ગમે જેને ન મુદ્દલે,
શરીરધારી હોવા તે છતાં, માનવી તે ન છે.

□

જન્મવું, મરવું પાછું એની એ ઘટમાળમાં,
ઘાંચીના બેલના જેવું જીવવું ! રસ શો ત્યહાં !
ઘરેડે એકની એકે ચાલ્યા કરી જ જીવવું,
'માનવી જન્મ એવાએ ખોઈ નાખ્યો' પ્રમાણવું.

□

જાગતાં જીવતાં જેણે સત્કર્મ કૈં કર્યું ન છે,
જેણે જીવતાં ના કૈં સેવ્યો સદ્‌ભાવ દિલ છે;
જીવતાં જીવતાં જે કો ઘસાયો મુદ્દલે ન છે,
તેવા શરીરધારી છો, છતાં માનવી તે ન છે.



કથા ને ઉપદેશો તો જેમણે સાંભળ્યા ઘણા,
વર્તને તોય તેમાંનું કશુંયે ઊતર્યું જ ના;
પુનરાવર્તને પાછા એની એ જ ઘરેડમાં,
ગાડરિયા પ્રવાહે સૌ તણાતા જાય લોક શા !

□

જીવનના પ્રકારો છે અનેક જાતના ખરે,
જુદી જુદી રીતે લોક જીવન જીવતા જગે;
કિંતુ ભાગ્યે જ કોઈક હરિને માટ જીવતા,
બાકી તો સ્વાર્થમાં રાચી લોક જીવન મ્હાલતા.

□

સંસારે માનવી કેવાં જીવન વ્યર્થ ગાળતાં !
જીવન માનવીનો તે કશો અર્થ ન જાણતાં;
ઊંઘવું, ખાવું ને પીવું એટલું, એવું જીવન
-માનવી જે જીવે, તેના જીવ્યાનો અર્થ શો જગ !

‘જીવવું હરિને માટે’ એવો જેનો શું ટેક છે !
પ્રવૃત્તિમાં ગુણો-ભાવ જેનો શો પુરુષાર્થ છે !
જેના જેવા થવું તેનાં લક્ષણોને ઉતારવા
-પોતાના જીવને ત્યારે, તેનો આદર્શ યોગ્ય ત્યાં.

□

કોઈ આદર્શને માટે ચહ્યું જો જીવવાનું છે,
તો તેવા ગુણ ને ભાવે જીવને વર્તવાનું છે;
ભલે તેમાં પડો ટૂંકા, જો પ્રમાણિકતા હૃદે
-પ્રત્યક્ષ કિંતુ વર્તાતી, તો નિશ્ચિત રહેવું જે.

□

જે આદર્શ પ્રમાણેનું જીવન જીવતો જગે,
તો તેવા ગુણ ને ભાવ જન્મવા જોઈતા ઘટે;
આદર્શના ગુણો-ભાવ જીવને જન્મતા ન હો,
તો આદર્શ પ્રમાણેનું જીવન જીવતા ન છો.



મેળવાયે મથીને જે તેમાં મીઠાશ ઑર છે,
આનંદ મથવામાં શો જેને આવે, શું ધન્ય તે !
છતાં જે મથવામાં જો કોઈ હેતુ રહ્યો ન છે,
તો તેવું મથવું મિથ્યા છતાં ચાલે જ તેવું તે.

□

ધારેલું પાડવા પાર નિશ્ચયાત્મક જીવને,
તેવા જ એકલા માત્ર કૃતનિશ્ચયી શા ટકે !
ઝઝૂમીને ઝુકાવીને જે ઝંપલાવતા જ છે,
એવા જે મરજીવા તે અંતે સુફળ મેળવે.

□

જીવને પાડવાનું છે પાર ધ્યેયનું કર્મ તે,
શો ભયંકર સંગ્રામ માંડ્યા કરેલ જીવને !
આ પાર, પેલી તે પાર, હવે તો ત્યાં ગયા વિના
—આરો ના આવવાનો છે જીવનનો પથે કદા.

હરિને પંથે જાવાનું જેણે કર્મ લીધેલ છે,
તેવાએ એકધારું ત્યાં ચાલ્યા તો કરવાનું છે,
કદીક અટકાયું જો ગતિ શી મંદ થાય છે !
દોડ્યા જ કરવું ધારી દોડી જવાનું રાખ્યું છે.

□

દોહ્યલો હરિનો પંથ, મુશ્કેલ, અઘરો ઘણો,
કિંતુ જીવંતી છે શ્રદ્ધા તેને તે તેમ ના કશો;
સક્રિય જીવને શ્રદ્ધા જેના જીવનમાં જ છે,
તેવો કદી ડગે ના છે, આરપાર જ જાય તે.

□

શ્રદ્ધાનું બળ કેવું તે જે શ્રદ્ધાયુક્ત પ્રીછશે,
મુશ્કેલ પર્વતોનેય શ્રદ્ધા શી તોડી પાડશે !
શ્રદ્ધાનો આશરો જેને પાકો જીવનમાં ખરો,
તેવાનો જયવારો છે જીવને જીતવાતણો.



જીવંતી જીવને શ્રદ્ધા નિશ્ચયાત્મક જેની છે,
અમોઘ બળ તેવાનું અમાપ ને અપાર છે;
શ્રદ્ધાનાં બળશક્તિથી, સંગ્રામ જીવને મળે
-ભલભલા ભલે ત્યારે છતાં ત્યાંય ટકી શકે.

□

હરિઃૐ

## ખંડ ૩ : ધન્ય જીવન

(અનુષ્ટુપ)

સંસાર હરિની લીલા, તેમાં જે હરિને સ્તવે,
ભજે, રમે જ આનંદે હરિની ભક્તિમાં હૃદે;
રમંતાં હરિના ભાવે, તે નિરંતરનો થતાં,
સંસારે જીવવું ભારે રસીલું લાગતું તદા.



હરિના ભાવમાં લગ્ન થવા, સંસાર પાત્ર છે,
સંસાર હરિમાં કેવું રમવાઅર્થ ક્ષેત્ર છે !
સંસાર હરિનું કેવું વ્યક્ત દર્શન દિવ્ય છે !
હરિલીલા શી પ્રત્યક્ષ સંસારે વર્તમાન છે !

□

હરિનો માત્ર ઉચ્ચાર જેના કંઠથી નીકળે,
હરિનો દિવ્ય ઉચ્ચાર જેના સ્તવનમાં ઝરે;
હરિની પ્રાર્થના ભાવે હૈયે જેને થયા કરે,
એવા શા ભાગ્યશાળી જે હરિના ભક્ત જીવને !

□

હૈયાના આર્દ્ર ને આર્ત ભાવે જે હરિને ભજે,
સંભળાયા વિના તેનો પોકાર કદી ના રહે.

મુશ્કેલી, ગૂંચ ને પ્રશ્નો, સમસ્યા બધી જીવને
-પ્રાર્થતાં પ્રાર્થતાં ઊંડું શમતી લાગતી ખરે;
સામે તેમની જોમે દે ઊભવાની શક્તિ તે,
નિરંતર ભજે તેને ઉતારી ભવ પાર દે.

□

હરિના ભાવમાં માત્ર જેનું તે જીવવાનું છે,
'હરિ, હરિ' ઊંડું જેનું હૈયું ગાન કર્યા કરે;
હરિના ભાવમાં જેનું જીવન ઓતપ્રોત છે,
સદ્‌ભાગી એકલા તેવા માત્ર સંસારમાં જ છે.

□

હરિનો જે થતો તેનો સાથ છોડી હરિ ન દે,
મુશ્કેલી, સંકટોમાં શાં સહાનુભૂતિ, હૂંફ દે.



'મને જે કો ભજે જેમ તેને ભજું હું તે રીતે.'
દલીલ, તર્ક, શંકા-ના શમે સંપૂર્ણ જ્યાં સુધી,
ભક્તિનો રંગ સંપૂર્ણ જામે પાકો ન ત્યાં સુધી.

□

વિપત્તિ, આપદા, દુઃખ નડંતાં હરિ જે સ્તવે,
તેવાને ભીંસના કાળે ટકવા હામ શી મળે !
ભીડના
હરિનો માત્ર જેને છે સથવારો ખરેખરો,
તેવો ના એકલો ક્યાંયે, સાથે શ્રીહરિ ખાસ શો !

□

જેમાં તેમાં બધાંમાં જો જેને હરિની યાદ છે,
થતાં સૌ કર્મમાં ભાવ જેને શ્રીહરિનો જ છે;
તેવા સંસારમાં ક્યાંયે અટૂલા પડતા ન છે,
હરિનો રાખી સંગાથ મસ્તીથી જગમાં જીવે.
ધારી

હરિ જેવો ન કોઈ છે ઉદાર સર્વ સૃષ્ટિમાં,
ઢળે શરણ, તેવાને પમાડે શાંતિ ચિત્તમાં;
વારંવાર હરિ જેને યાદ આવ્યા કરે હૃદે,
હરિ તેને નવાજીને સંસારે તરતો કરે.

□

પાપ, પુણ્ય ન જુએ છે હરિ એવો કૃપાળુ છે,
'અંતરનો ઊંડો ભાવ', ભોજન હરિનું જ તે;
હરિને રીઝવે એવા ભાવે જે પ્રેમથી સદા,
તેવાને નિજનો જાણી સ્થાન દે નિજ દિલમાં.

□

ચાલતાં, ફરતાં જેઓ સ્તુતિ શ્રીહરિની કરે,
થતું જે જે, નિવેદ્યાં સૌ કરે શ્રીહરિને પદે;
સૌ સંસારની જંજાળ સોંપતો હરિને રહે,
એવો અભ્યાસ જીવંતો જેનો, તે હરિ મેળવે.



'પોતાના અંગનું ખાસ નજીકમાંનું અંતરે,
-નજીક સાવ પાસેનું', એવું, હરિ ગણી હૃદે;
ઉમળકાભર્યું વ્હાલ જેઓ શ્રીહરિને કરે,
એવા ભાવથી હૈયામાં ભજે, તે તત્ત્વને રળે.

□

સન્મુખ, મોખરે, હૈયે જેઓ શ્રીહરિને ધરે,
સંસારમાં બધી રીતે અધિકો હરિને ગણે;
જેમાં તેમાં બધાંમાંયે આધાર હરિનો લહે,
તેવાનો હરિ આધાર સંસારે બની શો રહે !

□

સંસારવ્યવહારે જે હૈયામાં હરિને ધરે,
સૌ વ્યવહારમાં પાછો ચિંતવે હરિને જ જે;
પરોવવા ચહી જેઓ પદે મનાદિનેય તે,
વ્હાલા શ્રીહરિને તેવા, તેનું સંભાળી લે જગે.

□

ઝંખતાં ઝંખતાં જેને હૈયે હર્ષ અપાર વ્હે,
અપાર હર્ષ-ઉન્માદ જેને સંભારતાં હ્દે;
આનંદનો ઉછાળો શો પૂરની જેમ ઊછળે
-જેને હરિની યાદે, તે નિરાંતે સુખથી સૂવે.

□

બધાં પ્રકારનાં જે છે મહત્ત્વ તે બધાંયમાં
-મહત્ત્વ એકલું માત્ર દે, જે શ્રીહરિને સદા;
કર્તો, કારવતો સૌ હો કિંતુ અંતર જેહને,
-શ્રીહરિ જીવતો ર્હે છે, નરશાર્દૂલ માત્ર તે.

□

ઊંચે ઊંચે ચઢી જેઓ આકાશે રમમાણ છે,
હરિમાં એકલા તેવા રમવા-પાત્ર માત્ર છે;
આકાશે સાવ સંપૂર્ણ પૂરેપૂરું થતાં લય,
પછી અવતરે પાછા એવા સદ્ભાગી કોઈક !



એકલો માત્ર હૈયામાં ભાવથી જે હરિ ભજે,
ભજંતાં હરિને જેઓ નીપેટે સર્વ કર્મને;
સંસારે મોખરે ધારી ભાવથી હરિને હ્દે,
રમે જે એ રીતે ઊંડું, તેના સંસ્કાર ઑર છે.

□

ભજે જે હરિને તેવા કર્મ સંસારના પ્રતિ
-સેવી શકે ન દુર્લક્ષ, કદીય કોઈ રીતથી;
મળેલાં કર્મને તેવા ઉવેખી શકતા નથી,
પ્રભુપ્રીત્યર્થ જાણીને ભક્તિથી આચરે ચહી.

□

સંસારે કર્મ ભારેમાં ભારે છો હોય તે છતાં
-તેવાય કર્મમાં જેઓ ભૂલે ના હરિને કદા;
કર્મ આચરતાં ભક્તિભાવથી-રંગથી રમે,
હળવા ફૂલના જેવા પ્રસન્નતાભર્યા હ્દે.

જ્યારે કદીક સંસારે મનાદિ બગડેલ છે,
સીધું સુતરું જ્યારે કૈં પાર ઊતરતું ન છે;
નર્યું બગડતું કેવું સારું કૈં કરવા જતાં !
એવે કાળે ટકે જેનું હરિમાં ધ્યાન, તે જીવ્યા.

□

ભલે હું બગડેલો છો હોઉં, છતાંય જો હૃદે
-હરિને સ્મરતો જો છું, ભક્તિમાં બઢતાં ઊંડે;
એકરાગ થતાં ભાવે, થતાં એકાગ્ર અંતરે,
આપમેળે ગુણો ત્યારે વિકસે સહજે ખરે.

□

વિકાસ ભક્તિથી થાય ગુણોનો જીવને ઘણો,
દૃઢતા, હામ ને ધૈર્ય ને મર્દાનગી, સાહસો;
ગુણ ને ભાવથી ભક્તિ અંકિત કેવી શોભતી !
ગુણભાવથી સમૃદ્ધ છે અલંકૃત ભક્તિ શી !



દશામાં સાવ ભૂંડામાં ભૂંડી હો છો ભલે છતાં,
એમાંય જો હૃદે ભાવ હરિનો જીવતો તદા;
એવાને કશુંયે ત્યારે નડી કૈં શકતું નથી,
એવો સંપૂર્ણ નિશ્ચિંત નિર્ભય ર્હે કૃપા થકી.

□

સંપૂર્ણ જાગતાં પ્હેલાં પૂરેપૂરું દટાઈને,
ગળી જવું પડે, પાછું નામશેષ થવું પડે;
સ્વભાવ મૂળનો છોડી દેવો પડે સમૂળગો,
ત્યારે જ ફણગો કેવો તેમાંથી ફૂટી નીકળે !

□

સર્વ જાતની તૈયારી હરિના ભાવ કાજ જે,
અહર્નિશ કરે તેવા કોઈક અપવાદ છે;
ને તૈયારી પૂરેપૂરી થયા વિના સુયોગ્ય તે,
થવી હરિપ્રતિષ્ઠા તે કદી કાળ ન શક્ય છે.

સંસારે ચિંતવે છે જે ને ભજે હરિને હૃદે,
જેમાં તેમાં સ્મરે ભાવે હરિને એકમાત્ર જે;
હરિમાં રમણા જેની ભાવપ્રીતિ શી અંતરે !
તેવાનો શો બને પોતે પડંતાં કામ દાસયે !

□

સંપૂર્ણ જે ભરોસે છે હરિને સર્વભાવથી,
હરિને દિલ ધારે જે સંપૂર્ણ સર્વ રીતથી;
એકલો માત્ર સંપૂર્ણ જેને સર્વસ્વ છે હરિ,
તેને શો નિજનો માની તેનું સંભાળતો હરિ.

□

કર્મ મહત્ત્વનું માત્ર જિંદગીમાંનું એક તે,
'સંબંધ કરી લેવાનો જીવતો હરિ સાથ જે';
જે તે સંબોધી સંબોધી હરિને દિલ ભાવથી
-કર્યાં જ કરવાનું છે હરિમાં લક્ષ ધારીને.



હરિમાં ચોંટવા ચિત્ત એકધારું ઊંડું હૃદે,
રાખ્યું છે સ્મરવાનું તે હરિને દિલ ચાહીને;
ઊંડો સ્મરણનો ભાવે અભ્યાસ દિલનો થતાં,
હરિની સાથ સંબંધ જીવતો શો થતો તદા !

□

'હરિના ભાવમાં જ્યારે સંપૂર્ણ જીવવું થતું',
જીવન એનું તો નામ, બાકી જીવવું વ્યર્થ શું !
હરિ શો એકલો સાચો ! હરિ વિનાનું સર્વ જે
-મિથ્યા, સાવ નકામું છે, એકલો હરિ સાર છે.

□

જે સગપણ હૈયાનું બાંધવા હરિ સાથ તે,
હર્ષ-ઉમળકાથી શો પૂરું લક્ષ ધરેલ છે;
ચિત્ત-લક્ષ લગાડીને હૈયાને બાંધીને પદે,
હરિને વરવા ભાવે તત્પર હું ઊભેલ જે.

જ્યારે જ્યારે મળે દુ:ખ, વિપત્તિ કારમી પથે,
એવી મુશ્કેલીમાં જેને હૈયે શ્રીહરિ યાદ છે;
તેવો ડગે કશાથી ના, હાલી તે નવ જાય છે,
હિમાલય સમો ત્યારે અણનમ ઊભો રહે !

□

ગમે ત્યાં હું જતો હોઉં તે વેળાય ખરેખરું
-ભાવથી લલકારે છે હરિનું નામ જે રૂડું;
સ્મરણ હરિનું જેને વ્હાલામાં વ્હાલું દિલ છે,
અટવામણમાં બુદ્ધિ એની સ્થિર ટકી શકે.

□

ભ્રાંતિ ને ભ્રમણા વિશે પડી ગયેલ હો ભલે,
છતાંય તે સમે જે કો સ્તવી-સ્તવી, સ્મરી જીવે;
ભાવ સ્મરણનો તે જે ભ્રાંતિ ને ભ્રમણા થકી
-તારવી, લાવી મૂકે છે યોગ્ય બુદ્ધિ વિશે વળી.



હરિના ભાવમાં જેઓ રમતાં રમતાં જીવે,
જેમનો સર્વ સંસાર હરિનું નામ માત્ર છે;
સૌ વ્યવહાર જેનો છે હરિસ્મરણમાં હૃદે,
તેવા શા એકલા માત્ર લાડલા હરિના જ છે.

□

જે સંભાળવાનું સૌ સંસારમાં ખરેખરું,
પ્રેરણાત્મક બુદ્ધિથી ચાલ્યા તે કરતું બધું,
જે કૃપાધાર તારો તે સર્વસ્વમાં સર્વસ્વ છે,
આધાર કેટલો મોટો તેનો તેવો ખરેખરો !

□

સ્મરતાં, ભજતાં જેને હૈયે વિશ્વાસ જન્મતો,
શ્રદ્ધા જીવનમાં તેની શી તેજસ્વિત ઑર છે !

મન, બુદ્ધિ, અહં, પ્રાણ, ચિત્ત જેનાં હરિ સ્મરે,
હરિને મોખરે ધારી, સાથે રાખે હરિ હૃદે;
હરિને એકલાને જે આપે મહત્ત્વ અંતરે,
તેવાને હરિ પોતાનો કરી દે ભક્ત ચાહીને.

□

સંસાર કરતાં વ્હાલો જેને શ્રીહરિ છે હૃદે,
થતાં સૌ કર્મમાં ઊંડું સ્તવે જે હરિને હૃદે;
પ્રાર્થીને, હરિ, સૌ કર્મ કરી, સમર્પી દે પદે,
એવાનો સૌ ભલીવાર હરિ સંભાળતો જગે.

□

સંસારે પ્રક્રિયા માત્ર જેની શ્રીહરિ અર્થ છે,
હરિ વિના ખપે એને કશું સંસારમાં ન તે;
જેને જેમાં અને તેમાં હરિ માત્ર જીવંત છે,
તેવા તે ભક્તને માટે હરિ શો ચાહ્યસો કરે !



જ્યાં સુધી તે પૂરેપૂરું સંપૂર્ણ ચઢવાનું છે,
પહોંચી ત્યાં સુધી, પાછું આગળેય જવાનું છે;
અનંતાનંત આ માર્ગ, જેનો અંત ન ક્યાંય છે,
ભાવમાં કિંતુ સંપૂર્ણ થતાં, યોગ થતો જ છે.

□

વારંવાર હરિયાદ જેને ભાવથી ઊછળે,
હરિનો ભાવ-જેનો શો પ્રાણ અંતરનો ખરે !
હરિ, હરિ હૃદે ઊંડો જીવંતો નાદ જેહને,-
અંતરે રમતો, તેવો હરિનું યોગ્ય પાત્ર છે.

□

ભાવથી હરિનું જ્યારે થતું સ્મરણ હોય છે,
હરિનો ભાવ-ઉદ્‌ગાર-નો રણકાર ઑર છે;
હરિ, હરિ, હરિ હૈયે જેનો પ્રવાહ જ્યાં વહે,
અખંડિત હરિભાવ શો નિરંતરનો બને !

હરિના ભાવની ગંગાનો પુનિત પ્રવાહ જે,
જેના સમગ્ર સંસારે વહે અખંડપણે જ તે;
હરિના ભાવમાં જેને સંસારે જીવવું ગમે,
હરિનો ભાવ તે સાચો જેનો સંસાર માત્ર છે.

□

'હરિ, હરિ વિના બીજો નાદ ના સંભળાય છે',
એવું જીવનમાં જેના એકભાવે થયેલ છે;
નરશાર્દૂલ કોઈક એવા શા ભાગ્યશાળી છે !
હરિના ભાવના રંગે જે રંગાયેલ જીવને.

□

પોતાનામાં રમે ભાવે એકાગ્રે દિલ કેંદ્રિત,
એવાના જીવવાનો શો રંગનો પાસ અમૃત !
એવું જીવન સંપૂર્ણ દિવ્ય આનંદ આગળ,
હરિ હવે હરિ તેને જુદે સ્વરૂપે ના દિલ.

□

હરિઃૐ

## ખંડ ૪ : હરિભક્તિ

(અનુષ્ટુપ)

'હરિનો ભાવ' શો માત્ર છે રસાસ્વાદ જેહનો !
જેમાં તેમાં બધાંમાં તે તેને ભાવ પ્રવર્તતો,
અખંડાનંદ સંપૂર્ણ અનંતાનંત જીવને,
પરિપૂર્ણ થયેલો શો આરપાર બધાં વિશે !

જે નૈસર્ગિક સૌંદર્ય સર્વત્ર સૃષ્ટિને વિશે,
પ્રત્યક્ષ શ્રીહરિકેરું વ્યક્તત્વ ભાવનું શું તે !
'શાંતિ, પ્રસન્નતા ! સુખ, આનંદોત્સાહ જીવને,
સમત્વ, પૂર્ણ સાક્ષિત્વ,' વ્યક્ત તે ભાવ લક્ષણે.

□

કરતાં કરતાં ભાવે ઊંડો અભ્યાસ જીવને,
ફૂટતાં પ્રાણ અભ્યાસે, અભ્યાસ શક્તિ ઑર છે;
અભ્યાસમાંહી રંગાઈ જવાતાં, પ્રાણશક્તિ જે
-જીવનની શી ફોરે છે! ઑર આનંદ તે સમે.

□

સંપૂર્ણ ચિંત્વને ભાવે સંલગ્ન જે થયેલ છે,
છે અવતરવા યોગ્ય ભાવ તેના જ જીવને;
સંપૂર્ણ ભક્તિમાં જેઓ ઓતપ્રોત થયેલ છે,
તેવા જ એકલા માત્ર પાત્ર છે હરિ અર્થ જે.



પોતાના ઘરમાં યોગ્ય કિંમત નવ હોય છે,
હરિના ભક્તને તેનો કશો વસવસો ન છે;
હરિના દિલમાં જેને પંકાવાની શી નેમ છે !
હરિને એકલાને તે દેવા સંતોષ શો જીવે !

□

હરિના ભાવનો રંગ જેને હૈયે ચઢેલ છે,
જેનો નશો ન કોઈની સરખાવાય સાથ તે;
નિત્ય આનંદની છોળો જેને જીવન ઊછળે,
એવા જીવનની મોજ કોઈક માત્ર ભોગવે.

□

'જાગવું જીવવું પાછું એનામાં રમવું સદા',
એવા જીવનને જેઓ જીવે, તે જીવ ધન્ય શા !
જેના જીવનમાં પ્રાણ હરિ-ચૈતન્યના રમે,
એવાના જીવને ભાવ-ઉલ્લાસનો ન પાર છે,

હરિને જે જિવાડે છે આધારે નિજના હૃદે,
ક્ષણ વાર જવા ના દે આડોતેડો કહીં કશે !
પુરાયેલો રહે પોતે, છતાં સ્વતંત્ર સર્વદા,
એવો શો હરિ સર્વત્ર જીવતો જાગતો સદા !

□

ઊંઘતાં ઊંઘતાં ઘોરે, છતાં જાગ્રત જે હૃદે,
એવા તો વિરલા કોક સંસારે જીવતા હશે;
એવાનાં ચરણે માથું મૂકીને પ્રાર્થી પ્રાર્થું હું,
હૃદયે ભાવથી એની સેવા-ચાકરી હું કરું !

□

સ્મરે, સ્તવે, ભજે ભાવે હરિને જે નિરંતરે,
એવાને એકલાને તે જયશ્રી હરિની વરે;
હરિની જયશ્રી એવા ભક્ત કદી ન સંઘરે,
ભક્ત તો હરિને માત્ર દિલથી સાંકળી જીવે.



ભજતાં ભજતાં ભાવે હરિની જયશ્રી કદી
-હરિનો વાસ જેનામાં તેને તે ભેટવા જતી;
પરંતુ ખપ જેને છે એકલાનો હરિતણો,
જયશ્રી બદલે તેવા સ્વીકારે હરિ એકલો.

□

હરિની જયશ્રી કેવી હરિના ભક્તને ચહી,
તેનામાં વસવા કેવી ઉત્સુક થાય દિલથી !
સૂક્ષ્મ શી છાનીમાની છે જયશ્રીની કળા બધી,
છતાં શો હરિનો ભક્ત જાય છે ચળતાં બચી !

□

કદીક જયશ્રી કેવી હરિના ભક્તને છળે,
જયશ્રી રિદ્ધિસિદ્ધિને ભક્તને ચહી આપી દે;
હરિનો ભક્ત કિંતુ ના જયશ્રી આવકારશે,
પડતાં હાથ તો હેઠા શી છંછેડાઈ જાય છે !

લક્ષ્મી, સૌંદર્ય, સર્વસ્વ હરિના ભક્તને બધું,
જયશ્રી સોંપી દે કેવું છતાં ના સંઘરે કશું !
તે અવગણના કિંતુ કશાની કરતો નથી,
ચઢાવે જયશ્રી માથે સમર્પી હરિને સ્તવી.

□

પૂરેપૂરો ભરોસો છે જેને શ્રીહરિની પરે,
હરિ તેના વિશે કેવો નિરંતરે રમ્યા કરે !
હરિને એકલાને તે જેમાં તેમાં જ ચિંતવે,
હરિ જેનો જ આધાર સર્વસ્વ છે બધાં વિશે.

□

હરિને જે ન છોડે છે હરિને દિલ સાથ જે
-એકધારો જડી રાખે, જીવે જે હરિને લીધે;
હરિ તેને ન છોડી દે સંગાથી નિત્યનો કરે,
સાથ દે છે હરિ તેને
તેવાને હરિ પોતાની લીલા દિવ્ય બતાવશે.



પાસે હોવા છતાં જેને સ્વપ્નમાં જાણતા નથી,
પાસે હોવા છતાં જેનો ઉપયોગ કશો નથી !
પાસે હોવા છતાં પોતે દેખાતો ક્યાંય તે નથી,
પાસે હોવા છતાં એને લેવાદેવા કશી નથી.

□

દેખાતો જાગતો ના તે, છતાં પાછો ન ઊંઘતો,
ચાલે છે કેવી રીતે તે કોઈયે જાણતું ન છે;
વ્યવહાર બધો એનો ન્યારો અકળ રીતનો,
એના છતાંય જે ભક્ત, જ્ઞાની ઓળખી કૈં શકે.

□

જેને છે ભજવાકેરો હૈયે આસ્વાદ પ્રેમથી,
હૈયામાં ભજવાનો છે જેનો અભ્યાસ નિત્યથી;
સ્મરવું, ભજવું, માત્ર જેનો શો વ્યવહાર છે !
એવા તે હરિના કેવા લાડીલા ભક્ત જ્ઞાની છે !

હરિનો એકલાકેરો જેને સંગાથ જીવને,
હરિનો સથવારો છે જેને શો જીવતો હૃદે !
હરિને માટ લીધો છે જેણે ભેખ ખરેખરો,
એવા તે એકલા માત્ર હરિના પ્રીતિપાત્ર છે.

□

'મુશ્કેલી આવતાં કૈંક દોડી શું આવવાનું તે
-તારી પાસે બને કેવું !' એવા પ્રસંગ કૈંક છે;
સ્તુતિ ને પ્રાર્થના ત્યારે તારી શી થતી મુજથી !
ધણીનો ધણી તું મારો એકલો એક શ્રીહરિ.

□

પ્રસંગે કરી કાંઈક જ્યારે અવાય છે કને,
ત્યારે જે ભાવ જાગે છે, તેવો ભાવ કદી ન છે;
જીવન જતું વ્હેતું હો, કિંતુ બોલાય નામ છે,
ત્યારે આનંદની છોળો પર છોળો શી ઊછળે !



શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ આધારે શો સર્વાધાર શ્રીહરિ!
હરિ વિના બીજું મોટું એને સંસારમાં ન છે;
હરિને ભજવું માત્ર જેનું કર્તવ્ય એક છે,
લોહીના ધબકારામાં સ્તવન હરિનું જ છે;
જેનું ભજન જે માત્ર જેને ભોજન છે ખરે,
એવા તે દોહ્યલા ભક્ત તેને પ્રણામ લાખ છે.

□

હૈયે સ્વીકારીને પ્રેમે એકાગ્ર શ્રીહરિતણું
-ચિંતવન ભક્તિ ને ધ્યાન આઠે પ્હોર કર્યાં કર્યું;
જેણે હરિ ન છોડ્યો છે સંસારે મરતાં છતાં
-સર્વ કર્મ વિશે, તેવો ભક્ત દુર્લભ કોક છે.

□

હરિનો સાથ જો ના હો ચાલે ના પળવાર તો,
સંસાર હરિ વિનાનો જેનો પૂરો અસાર શો !
જીવવું હરિ વિનાનું જેને પાલવતું ન છે,
બલ્કે એવો હરિ વિના ક્ષણયે ના જીવી શકે.

પાસે શો રાખવા જેવો શ્રીહરિ માત્ર એક છે !
લક્ષ્મીના વૈભવો માત્ર તુચ્છ શા હરિ આગળે !
હરિ, હરિ, હરિ માત્ર જેના ઉચ્ચાર નિત્ય છે,
જેને સંસારમાં માત્ર એકલો શ્રીહરિ જ છે;
એવા કો વિરલા વીર અપવાદરૂપે જગે,
ચિંતવે પ્હોર આઠે શો એવા તે હરિને હૃદે !

---

સંસાર વિશ્વમાં જેનો હરિ વિના કશો ન છે,
સાર શો જીવવાનો તો જેનો શ્રીહરિ માત્ર છે !
બુદ્ધિ-કૌશલ્ય જેનું સૌ એકલું હરિમાં જ છે,
એનું જે તે બધું સર્વ એકલો શ્રીહરિ જ છે.

---

હરિ શો એકલો માત્ર જેના મનન-ચિંત્વને !
જેના કોઠા વિશે કેવો જીવતો શ્રીહરિ જ છે !
હરિ શો એકલો માત્ર જેના આધારમાં રમે !
તેવા કોઈક તો માત્ર ભક્ત શ્રીહરિના જગે.



હરિની ધારણા જેને અખંડાકાર જીવને,
શા રણકાર ઊઠે છે અસ્ખલિત નિરંતરે !
જેનો સંયુક્ત સંસાર અખંડ હરિ સાથ છે,
હરિ સાથે રમે એવા ભક્ત શા ભાગ્યશાળી તે !

---

હરિ શો એકલો માત્ર જેને સમગ્ર જીવને !
દિવ્ય વિલાસ, ઐશ્વર્ય કેવાં વૈભવ જેહને !
સંસારે જીવતા ભાવે એવા ભક્તશિરોમણિ,
શો શ્વાસોચ્છ્વાસ છે એવા ભક્તનો હરિ પ્રેમથી !

---

ભાષાથી ખાલી ખાલી આ લખાયેલું નથી કશું,
હૈયાની ભાવનાનું તે છે વ્યક્તત્વ ખરેખરું;
જે રીતે જીવને વર્ત્યો લૈ લૈ નામ હૃદે ઊંડું,
જેમ અનુભવાયું છે, તે તે અહીં લખી દીધું.

સૌ વ્યવહાર સંસારે બધો ચાલ્યા જતો દીસે,
ને તેમાં શ્રીહરિ કેવો પ્રત્યક્ષ રમતો ભળે !
એવાના જીવને કર્મો થતાં જે જે રહે બધાં,
સંસારી દૃષ્ટિએ શાં તે સારાં ને નરસાં નર્યાં !

□

કર્મમાત્ર પૂજાભક્તિ સંસારે શ્રીહરિતણી,
જીવતું જાગતું હૈયે ઊંડું સ્મરણ ભાવથી;
એવો જે તે કરે તેમાં સાંગોપાંગ ખરેખરો
-શો પ્રાસાદિક એવામાં જીવતો રણકો નર્યો !

□

ભાથું જીવનમાં જેને એકલા હરિનું જ છે,
કર્યા વિના હૃદે યાદ જેનાથી ના જિવાતું છે,
જેનો આહાર છે માત્ર અખંડ શ્રીહરિતણો,
હરિ વડે જીવે માત્ર એવાયે કોક છે જીવો.



જીવતાં જીવતાં જેનો શ્વાસ શો હરિ માત્ર છે !
સાથે ખાતાં, પીતાં જેનો સંસાર હરિ સાથ છે;
ઊંઘતો તે ભલે હોય છતાં જે જાગતો જ છે,
હરિના ભક્ત એવા તે એકલા જીવતા જગે.

□

હરિનો ભાવ હૈયામાં ધારી ધારી જ જે જીવે,
હરિને સ્મરીને ભાવે સૌ વ્યવહાર જે કરે;
હરિના એકલાકેરો જેનો વ્યાપાર જીવને,
તેવાને એકલાને શો હૈયે તે નિજનો કરે !

□

જેને હરિ વિના સ્‌હેજે સંસારે ચાલતું ન છે,
હરિની યાદ જેને છે અમૃતોત્સવ જીવને;
ને જે તે કોઈ વાતોમાં હરિની વાત મુખ્ય છે,
એવા કોઈક તે માત્ર હરિને વરતા હૃદે.

હરિના એકલાકેરું જેને સ્તવન નિત્ય છે,
હરિના ભાવથી કેવો ગાંડોઘેલો થતો દીસે !
હરિના ચિંત્વને જેનું આખું જીવન તો વહે,
એવા જ હરિમાં માત્ર જીવવા યોગ્ય પાત્ર છે.

□

અપરંપાર જેનો શો હરિ સંસાર માત્ર છે !
હરિની પર આધાર જેમાં તેમાં જ જેહને
સ્મરી સ્મરી હરિને જે જીવે છે જે ભજી ભજી,
એકલા માત્ર તેવા શા સંસારે જીવતા સહી !

□

નિરંતરે હરિમાં છે જેનું ધ્યાન ખરેખરું,
લક્ષ સંસારમાં જેનું એકમાત્ર હરિ ખરું;
સંસારમાં ખરો સાર જેને શ્રીહરિ માત્ર છે,
એવા કો વિરલા ભક્ત દુર્લભ મળવા જગે.



હરિના એકલાનામાં જેને રસ અપાર છે,
સૌ કોઈ રીતનો જેને આહાર હરિ માત્ર છે;
હરિના એકલાનાથી જીવે છે જે હરિ પરે,
તેવાના જીવને પૂર્ણ હરિ શો વારી જાય છે !

□

હરિ, હરિ, હરિનાદ જેનો જીવન પ્રાણ છે,
હરિએ છે સ્વીકારેલો સંપૂર્ણ દિલ જેહને;
હરિથી ના વિખૂટો છે, જેનું સ્મરણ શ્વાસ છે,
એવાના જીવને કેવો શ્રીહરિ ઓતપ્રોત છે !

□

આમતેમ બધે જ્યાં ત્યાં, સંસારે સર્વ બાજુમાં,
જેનો શો હરિનો માત્ર છે વ્યવહાર સર્વદા !
હરિ વિના શકે જીવી પળ એકેય ના કદી,
જેને જીવનમાં લક્ષ્મી એકલી માત્ર શ્રીહરિ.

જો સ્મરવાનું ભુલાયે, તો જેનાથી જિવાય ના,
એવાના તે પ્રભાવેથી સંસારે પ્રાણ છે સદા.
હરિના ભક્ત ને જ્ઞાની, યોગી સંજોગથી જગે
-હરિનો ભાવ જીવંતો રહી શો શકતો જ તે !

□

મનાદિમાં રમે જેના એકલો શ્રીહરિ સદા,
કેવો શ્રીહરિ તેવાના પ્રાણ જીવનનો મહા !
રંગે સદ્ભાગી કોઈક જે રંગાયેલ જીવને,
તેવાને હરિ શો પોતે ધરે આનંદથી હ્દે !

□

કારમા શા પ્રસંગોમાં એકનો એક તે પળે
-શ્રીહરિ માત્ર આધાર જીવતો જાગતો જ છે !
જેની આરાધના સૌ કૈં થતાં તે કર્મના વિશે,
તેવા શ્રીહરિના પ્રેમતણા શા પાત્ર જીવને !



ઊંડી વિમાસણે જ્યારે પડી જવાતું અંતરે,
ત્યારે શો હરિને હૈયે એકભાવે ભજાય છે !
ને તે બધું કહી દેતાં કેવી નિરાંત સાંપડે !
સૌ સંભળાવતાં ભાવે શી હળવાશ થાય છે !

□

જીવને એકલો માત્ર જેનો શ્રીહરિ પ્રાણ છે.
શ્રીહરિ શક્તિનો જેને અનંત ઉપયોગ છે;
શ્રીહરિ એકલો જેના જીવનમાં સગો ખરો,
એવાને શો નવાજે છે હ્દયે કરી નિજનો !

□

એકભાવેથી સંપૂર્ણ હરિને જે ઊંડું ભજે,
તેવાના અંતરે ભક્તિ-નિષ્ઠા સંપૂર્ણ નિર્ઝરે;
તેવાનામાં પછી ક્યાંયે હરિ વિના કશું ન છે,
વ્યવહાર છતાં તેનો ચાલે સંપૂર્ણ જીવને.

જીવતાં જાગતાં જેને હરિની યાદ અંતરે,
હરિયાદ વિના જેની દુનિયા કોઈયે ન છે;
હરિ સંપૂર્ણ જેનામાં ચેતનાત્મક શો હૃદે !
તેવાના જીવને પોતે હરિ કર્મ કર્યાં કરે.

□

હરિ તણખલાને શો મેરુ બનાવી દે જગે !
જીવતો જાગતો એવો પ્રત્યક્ષ દાખલો હું જે;
કરે બોથડને યોગ્ય વિદ્વાન શો ખરેખરો,
મને એવો બનાવીને એણે શાસ્ત્ર લખાવિયાં.

□

પાસે લક્ષ્મી, કશી ન્હોતી, ભિખારી શો ગરીબ જે !
તેને આજ મળે લક્ષ્મી, કૃપા શી બળવંતી જે !
નિરંતરે ભજે ભાવે નિષ્ઠાથી એકધારી જે,
પોતાનો સર્વ ભંડાર બક્ષી દેતો જ શો હરિ !



હરિ મેળવવા કેવી તપશ્ચર્યા કરેલ છે !
હરિદર્શનને કાજે અખંડ શા ભજેલ છે !
ને અનુભવવા માટે હરિને રાતદિવસે
-કેવું કેવું કરેલું છે, તેને તે કોણ જાણશે ?

□

નિરંતરે ઊંડા ભાવે હરિને ભજવા થકી
-'કાયાપલટ શી થાય !' જાણે માત્ર અનુભવી;
સંસારે મેં ભજેલા છે હરિને એકભાવથી,
ભજનો, કીર્તનો ગાયાં હરિનાં દિલ પ્રેમથી,
હરિએ શો નવાજીને અંકે બેસાડીને મને
-જોઈતું આપ્યું છે! તેનો દાખલો હું જીવંત જે.

□

હરિકૃપાથી આ સ્તોત્રો લખાયેલાં નિમિત્તથી,
જેમ જેમ સ્ફુર્યાં તેવાં લખાતાં તે ગયાં વળી;
વિચારવા ન બેઠો છું લખતાં લખતાં સ્ફુર્યું
-જેમ જેમ હૃદે જેવું લખાયાં કર્યું તેમ શું !

હરિમાં લક્ષ પ્રોઈને મનાદિને હરિપદે
-હેળવવા કર્યા કેવા પ્રયત્નો જે કૃપા વડે !
નિત્યનો નિત્ય અભ્યાસ ચાલેલ જેમ જેમ છે,
તેમ તેમ ઊંડો ભાવ પ્રવર્ત્યા શો કરેલ છે !
લાગ્યાં શાં ચોંટવા ત્યારે, મનાદિ હરિનાં પદે !
એકાકારે જ સંપૂર્ણ થતાં, વ્યક્ત હરિ જ છે.

□

હરિના એકલાનામાં જેનાં મનાદિ અંતરે
- ભર્યાંભર્યાં જ સંપૂર્ણ જીવે છે ભાવથી ખરે;
પુરુષાર્થ પછી તેનો સહજમેળ જીવને,
કરવાપણું ના એને પછી તો કોઈ રીત છે.

□

હરિને ભજવા જેનો નિત્યનો વ્યવસાય છે,
તેવા અભ્યાસમાં ભંગ થવા દેતો કદી ન જે;
એકધારો ઊંડા ભાવે એકીટશે ભજ્યા કરે,
એવાનું હરિ સંભાળે મા જેમ બાળ સાચવે.



હરિનું ધ્યાન સંપૂર્ણ ધરી જીવનનો નવો
-વેશ જન્માવવાનો કૈં જેનો છે પુરુષાર્થ શો !
જેનામાં હરિ સંપૂર્ણ રહે છે જીવતો હૃદે,
તેવાના એકલાનું તો જીવન બદલાય છે.

□

હરિનો આશરો મોટો જેનો જોટો મળે ન છે,
શો સર્વાધાર તો શ્રેષ્ઠ હરિ જેવો ન કોઈ છે !
એકલો હરિ તો એવો પાપ, પુણ્ય જુએ ન જે,
જેની તે કરુણાનો તો, આવે ના પાર ક્યાંય તે.

□

જેનો શ્રીહરિ સ્વામી છે, જેને જીવન સોંપીને
-થઈ જઈ હરિનો જે સંપૂર્ણ ભક્તિથી વરે;
હરિને એકલાને જ સર્વસ્વ નિજનો લહી,
જેનાં મનાદિ સંપૂર્ણ હરિમાં, મુક્ત માનવી.

લોહસંગ્રહ છે માત્ર જેનું જીવન સર્વદા,
એવા કલ્યાણકારી તો ભાગ્યે કોઈક વિશ્વમાં;
પરમેશ્વરી એવા જ જીવો આ દુનિયા પરે
-જિવાડી ભાવને રાખે સંસારે માનવી હૃદે.

□

હરિને પંથ શ્રદ્ધાની શક્તિ વિના પથે જવું
-કદાપિ શક્ય તે ના છે, શ્રદ્ધા બળ જરૂરનું;
શ્રદ્ધા માત્ર જિવાડે છે જીતવા ધ્યેયને પથે,
હરિની ભક્તિથી શ્રદ્ધા ઑર તેજસ્વી થાય છે.

□

નિશ્ચિતતા શી સંપૂર્ણ હરિના ભક્તને હૃદે,
નિરાંત જીવને પૂરી સંસારે ભક્તને શી છે !
ઊથલપાથલો છો ને ઊલટાસૂલટી બને,
છતાં તેમાંય તો ભક્ત ભક્તિમાં મસ્ત શો હૃદે!



મથામણો શી સંસારે અનેક જાતની બધી !
હરિનો ભક્ત શો તેમાં ગૂંચવાતો કદી નથી !
કેવો નિશ્ચિત સંપૂર્ણ, સંસારે તે જીવે સુખે !
એના જેવો જ આરામ સંપૂર્ણ કોઈને ન છે.

॥ હરિઃૐ ॥

□

॥ હરિઃૐ ॥

## આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.
મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.
સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.
નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.
મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.
જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.
દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.
જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.
મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**



### પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET
('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND
('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle
('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કૅન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)
આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.

